# અધ્યાત્મ



વર્ષ : ૧૮ જૂન-૧૯૯૭ અંક : ૯

## * રાજયોગીનો વિકૃત અર્થ *

સાચી સમજના અભાવે કેટલાક માણસોએ ખોટો ને સગવડિયો અર્થ ઊભો કર્યો છે. તેવા માણસો કહે છે કે રાજયોગી તો ઠાઠમાઠથી રહે, ગાડી, મોટર ને વિમાનમાં ફરે, સોનાચાંદીનાં વાસણમાં જમે, પલંગ પર ને પંખા નીચે સૂએ, રેશમી કપડાં પહેરે ને ભોગવિલાસ કરે. કોઇ માણસ પોતાની રુચિ ને સગવડ કે શક્તિ પ્રમાણે વૈભવી જીવન જીવે ને ઠાઠમાઠમાં રહીને મોટર વિમાનમાં ફરે. તેમાં આપણને કે કોઈને પણ કશી હરકત હોઈ શકે નહિ. વળી આપણે એમ પણ કહેતા માગતા નથી કે જ્ઞાની, યોગી કે સાધક સદા દુઃખી ને કંગાલ જ રહે. તે કાયમને માટે કષ્ટ-મય ને દરિદ્રી જીવન જીવે એમ પણ આપણે ઇચ્છતા નથી. માણસ પોતાની પસંદગી પ્રમાણેનું જીવન જીવી શકે છે. તે જીવન તેની માણસાઈને મિટાવી દેતું હોય નહિ, તેના આત્માને અપંગ બનાવી કે ગૂંગળાવી નાંખતું નહિ હોય, ને જીવનની ઉન્નતિ તરફ તેને ઉત્તરોત્તર આગળ ને આગળ લઈ જતું હોય, તો તે ગમે તેવું જીવન જીવે તેની સાથે આપણને નિસ્બત નથી. કોઇ હરકત પણ નથી. પણ જ્યારે ઠાઠમાઠ ને ચમકદમકવાળા ભોગી જીવનનો સંબંધ રાજ-યોગની સાથે જોડવામાં આવે છે, ત્યારે તે પદ્ધતિ ખોટી, ભ્રામક ને ગેરસમજ ઉત્પન્ન કરનારી હોઈ, આપણને પસંદ પડતી નથી, ને તેની સામે આપણે વિરોધનો સૂર ઉઠાવીએ છીએ. એક વસ્તુના ભાવાર્થને જ્યારે પોતાની સગવડ ખાતર મારીમચડીને વિકૃતરૂપમાં રજૂ કરવામાં આવે છે, ત્યારે તેની સામે આપણે લાલબત્તી ધરવી પડે છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| દુઃખ, દર્દ ને બંધનમાંથી છૂટવાનો ઉપાય | યોગેશ્વરજી | ૯ |
| રોમન–તત્ત્વજ્ઞાની સમ્રાટ માર્ક્સ ઓરેલિયસ આત્મચિંતન | પં. દેવકૃષ્ણ શાસ્ત્રી | ૧૬ |
| ગુરુમહિમા | ડો. અરુણોદય ન. જાની | ૨૩ |
| શ્રીમાતાજી મીરાંદેવી | કમલ સુથાર | ૨૯ |
| શ્રીગંગાલહરી | પરમાર્થી | ૩૪ |
| ક્યાં લગી? | ડો. રણજિત પટેલ (અનામી) | ૩૯ |
| પોલ બ્રન્ટનની ભગવાન રમણ મહર્ષિની સાથે મુલાકાતની પૂર્વભૂમિકા–(૪) | યોગેશ્વર | ૪૧ |
| યોગસાધનાના પાયા | પ્રો. ડો. હરીશ વ્યાસ | ૪૯ |
| સ્ત્રી સંત–શ્રીઇંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૮ જૂન–૧૯૯૭ અંક : ૯


## શ્રી યોગેશ્વર કથામૃત


મા સર્વેશ્વરી


[નોંધ : પૂ. માની લખેલી શ્રી યોગેશ્વર કથામૃતની ડાયરી નં. ૨૦ હાલ ઉપલબ્ધ ન હોવાથી, ડાયરી નં. ૨૧ નું લખાણ અત્રે રજૂ કરેલ છે. ડાયરી નં. ૨૦ માં તા. ૩૦–૫–૮૧ થી ૮–૬–૮૧ સુધીની નોંધો છે તે ઉપલબ્ધ બનતાં તે લખાણ રજૂ કરીશું.

— તંત્રી]

**તા. ૯–૬–૮૧, મંગળવાર, જેઠ સુદ આઠમ, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુ.**

ગઈકાલે સવારે ફરવા જવાનો અને મૌન સાથે જપ કરવાનો આનંદ આવ્યો હતો, એથી આજે પણ સર્વેશ્વરી બરાબર છ વાગ્યે બહાર જાય છે. નખી તળાવ અહીંથી દૂર છે એટલે શ્રીકલ્યાણ પોતાના ઉતારા પરથી અહીં આવે છે, જેથી સર્વેશ્વરી તેમની સાથે

ઠંડી ને ધુમ્મસ નીચેથી પસાર થઇ નખી તળાવના બગીચામાં જઇને બેસે છે. સાથે મીનાબેન તથા વિજયભાઇ પણ માર્ગમાં જોડાય છે; પણ સૌ મૌન રાખીને ૭-૧૦ સુધી જપ કરે છે. ત્યાર પછી સૌ પોતપોતાને ઉતારે જાય છે.

પૂ. શ્રી પણ સમયસર સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ કરી મંત્ર-જપ કરે છે. ત્યાં સર્વેશ્વરી બહારથી આવે છે. તે પણ નિત્યકર્મથી નિવૃત થાય છે. લેખનકાર્ય ૧૧ સુધી ચાલ્યું. ૧૧ પછી સર્વેશ્વરીનું એક ગીત પૂ. શ્રીએ સુધારી આપ્યું. ૧૧-૨૦ દ્વાર ખોલી ૧૧-૩૦ ભોજન માટે નીકળ્યાં.

પૂ. શ્રીના ઉતારાથી શ્રી ગણેશ ભોજનાલય નજીક જ છે. વળી ત્યાં બ્રાહ્મણની રસોઇ ને સ્વચ્છતા પણ સારી છે. પૂ. શ્રી માટે આજે મરચાં વિનાનું ભોજન તૈયાર થયું છે. તેથી પૂ. શ્રી તે ભોજન લે છે. તેમાં દાળભાત, ત્રણ શાક, રોટલી, કચુંબર છે.

ભોજન બાદ ઉતારા પર આવી ગયા. સૌ પૂ. શ્રીની સામે નીચે બેઠા. શ્રી કલ્યાણ પૂ. શ્રી માટે દહીંની લસ્સી લેવા ગયા તો પૂ. શ્રીએ વિજયભાઇને પણ જવું હોય તો જાઓ એમ કહેતાં કહ્યું : 'આ એક સેવાનું સત્કર્મ છે, તો થોડું તમને પણ પુણ્ય મળે ને ! પૈસા અમે આપીએ, પણ લઇ આવવાનું પણ એક સત્કર્મ જ છે ને !" એ સાંભળી શ્રી વિજયભાઇ પણ શ્રી કલ્યાણ સાથે ગયા. તેઓ લસ્સી લઇને આવી ગયા. લસ્સીનું વાસણ પૂ. શ્રીએ ટેબલ પર મૂકાવ્યું. આજે પૂ. શ્રીના ઉતારાની બાજુમાં જે નડિયાદના ભાઇ ઉતર્યા છે તે પણ તેમનાં પત્ની સાથે પૂ. શ્રીના સત્સંગમાં જોડાયા છે.

પૂ. શ્રીની આજે શંકરાચાર્યકૃત વિવેકચૂડામણિ ગ્રંથને સમ-



જાવવાની ઇચ્છા ઓછી હતી કારણ ભોજન પછી તરત જ એ ચર્ચામાં આનંદ ન આવે. પણ વળી પૂ. શ્રીએ તે પુસ્તકને ટેબલ પરથી લીધું ને ચોથો શ્લોક પૂ. શ્રીએ વાંચ્યો–

लब्ध्वा कथंचिन्नरजन्म दुर्लभं......ग्रहात् ॥ ४ ॥

इतः कोऽन्वस्ति.......पौरुषम् ॥ ५ ॥

वदन्तु शास्त्राणि......ब्रह्मशतान्तरेऽपि ॥ ६ ॥

પૂ. શ્રી કહેવા લાગ્યા :

મનુષ્ય જન્મ દુર્લભ છે. મનુષ્ય શરીર તો મળ્યું પણ શું કર્યું ? તેનો હિસાબ રાખવો જોઇએ. કેટલાને રડાવ્યા, કેટલાને શાંતિ આપી, કેટલાની આંતરડી કકડાવી, તો કેટલાની આંતરડી ઠારી–એ વિચારવું. જે ભગવાને આ શરીર આપ્યું તેને યાદ કર્યા કે નહીં ?

દરરોજ પ્રાર્થના કરો. પ્રભુ મારું જીવન સુધારો. એમ કહી આખા દિવસની પ્રવૃત્તિ યાદ કરો.

પુરુષ એટલે શરીરરૂપી નગરમાં રહેનાર. એટલે સ્ત્રીપુરુષના ભેદ નથી. બધા પુરુષો જ કહેવાય. પુરુષત્વ મળી ગયું વેદશાસ્ત્રનું જ્ઞાન મેળવી લીધું પણ કરવાયોગ્ય કાર્ય પોતે તો ન કર્યાં, પોતાને પ્રકાશ મેળવવાનો છે તે ભૂલી ગયા.

અરે ! તમારા નડિયાદ પાસે કવિ પ્રીતમ થઇ ગયા. સુંદર પદો લખતા. તેના પર ભગવાનની કૃપા છે એમ તેઓ માનતા. લોકોએ પરચો માગ્યો. અંધ પ્રીતમદાસે દ્વારિકાના ભગવાનની વેશભૂષાનું આબેહૂબ વર્ણન કર્યું. તપાસ કરી તો એ વાત સાચી નીકળી. એ પ્રીતમદાસે શાસ્ત્રજ્ઞાનવાળાં પદો લખ્યાં.

શું કર્યું ગીતા ગાઇને રે,

તેં શું કર્યું ગીતા ગાઇને,

(સૌ એ લીટી ઝીલી લે છે.)

ભાગવત ભાખે ને,
હેત હૃદયે ના રાખે.

ભાગવતની કથા સાંભળી, કહી, વાંચી, પણ પોતે કશું કર્યું નહીં. પ્રભુનો પ્રેમ ન જાગ્યો તો એ વાંચવાનો અર્થ શો!

કુટુંબ પોસ્યું કમાઇને રે...તે શું કર્યું...
પંડિત બન્યો, પરમારથ ન કીધો,
ધિક્ પડી પંડિતાઇને રે...તે શું કર્યું...

(સૌ ઝીલે છે.)

હૃદયમાં પ્રીતિ છે, પણ તે પ્રીતિ માયાની છે. નજર માયાપતિ તરફ નથી. બહુ કર્યું પણ તમારી ગાડી ઉલ્ટી દિશામાં વિષયો તરફ વધવા માંડી તો તે કલ્યાણકારક નથી બનતી. બધું કર્યું પણ આત્માની કૃપા મેળવતા નથી, તે આત્મઘાત જ કરે છે એમ કહેવાય. વિચારતાં નથી કે આપણે પણ જવાનું છે, તો સારું કરતા જઇએ.

એક ભાઇ અમારી જાણમાં—તેનો એક નિયમ કે બારણે આવેલાને નિરાશ ન કરે. જાતે ખૂબ કસર કરે પણ સૌને શાંતિ આપે. તે માને કે "ના જાને કિસ વેશમેં નારાયણ મિલ જાયે"—તે દામોદર શેઠ. તેમનું શરીર તો શાંત થઇ ગયું. પણ ગરીબો અને સંતોના આશીર્વાદથી ધંધો સારો ચાલે છે.

એટલે સંતસેવા ને ઉપયોગી થવું અન્યને. ને બને તો સારું જ કરવું.

જે મૂઢ છે, તે પોતાનું કલ્યાણ સમજતો નથી. શું કમાયા? તો કહે લાખ કમાયા. શું કમાયા? તો કહે બે મકાનો, પાંચ છોકરાં કમાયા.



પણ એ બધું સાથે આવવાનું નથી. સાથે જે આવે તેવું અધોળ પણ કમાયા? સત્સંગ, ભક્તિ, મંત્ર, જપ કર્યા? શાસ્ત્રોને વાંચે, વિચારે ને લખે, દેવોને પૂજો. તીર્થાટન કરે, કર્મો કરે, પણ જ્યાં સુધી પરમને ન મેળવ્યા ત્યાં સુધી તે મુક્ત થતો નથી.

ચાર યુગ સો વાર પૂરા થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય. એવા બ્રહ્માનાં ૧૦૦ વરસ થાય તો પણ તે મુક્ત થઇ શકતા નથી.

બધા જ દુઃખી છે. ભક્તિ કરો. અરે !...
સદા સુખીયા સંસારમાં સંત
દુર્જન દુઃખીયા રે... (પૂ. શ્રી ગાય છે)
ના'વે અકળામણનો અંત,
મૂરખ મન મુખીયા રે...
પાયોજી મૈંને રામરતન ધન પાયો.

(પૂ. શ્રી સાથે સર્વેશ્વરી પણ ગાય છે. જેથી પૂ. શ્રી તેમને જ રાગમાં ગાવાનું કહે છે. જેથી સર્વેશ્વરી મીરાંનું એ પદ ગાય છે.)

વળી પૂ. શ્રી બીજું એક ભજન ગવડાવવાનું સર્વેશ્વરીને કહે છે. જેથી સર્વેશ્વરી 'મને પ્રેમદિવાની બનાવો હરિ' ગવડાવે છે. સૌ એ ગીત ઝીલે છે. ગીત ગવાયા બાદ ૐ પૂર્ણમદઃ શ્લોક બોલી પૂ. શ્રી પૂર્ણાહુતિ ઇચ્છે છે. સૌ ઊઠીને પ્રણામ કરે છે. શ્રી કલ્યાણ પેલા વાસણને ઊઘાડી લસ્સી પૂ. શ્રીને આપે છે. પૂ. શ્રી એક ઘૂંટડો પીએ છે ત્યાં પ્યાલામાં વાળ દેખાય છે. એટલે પૂ. શ્રી કહે, 'આને ઢોળી દો. બધી જ ઢોળી દો. વાળવાળી વસ્તુ ન લેવી જોઇએ.

બ્રહ્માર્પણમ્ બ્રહ્મહવિઃ...

ગટરમાં પધરાવી દો.

ગટરાર્પણ ગટરાऽપિ ગટરાતો ગટરાહુતમ્।
ગટરૈવ તેન ગંતવ્યમ્ ગટર કર્મ સમાહિતો॥

(સૌ પૂ. શ્રીનો એ નવો શ્લોક સાંભળી આનંદ પામે છે.) સૌ વિદાય થાય છે. પૂ. શ્રી લેખનકાર્ય કરે છે. સર્વેશ્વરી અગત્યના કામ માટે મજૂર મહાજનની ઓફિસે જાય છે. ત્યાંથી આવ્યા બાદ આરામ, બાદ પૂ. શ્રી લેખનકાર્ય કરે છે. સર્વેશ્વરી પણ ૬–૧૫ સુધી લખે છે.

સમય થતાં સૌ આવે છે. પ્રણામ કરી બેસે છે. પૂ. શ્રી રામાયણનું સીતાનું વર્ણન ગાય છે ને ગવડાવે છે. વચ્ચે વચ્ચે સમજૂતી પણ આપે છે.

સાત વાગ્યે બહાર ફરવા જઈએ છીએ. આજે વિમલાતાઈના સ્થાનમાં પૂ. શ્રી સિવાય સૌ ગયા ને થોડી માહિતી જાણવા મળી. જીવનયોગ નામની પત્રિકા પણ મળી. ત્યારબાદ બાગમાં આવી પ્રાર્થના, ધ્યાન થયું. લગભગ નવ વાગ્યે ઉતારા પર આવી ગયા. દૂધ ને કેરીનો નાસ્તો કરી પૂ. શ્રીએ 'સંદેશ' પેપર પર નજર કરી. વિમલાતાઈની જીવનયોગ પત્રિકા વાંચી. ત્યારબાદ આરામ.

(ક્રમશઃ)



## દુઃખ, દર્દ ને બંધનમાંથી

# છૂટવાનો ઉપાય

યોગેશ્વરજી

દુઃખ જેમ આજે છે તેમ ભૂતકાળમાં પણ હતાં જ. બંધન ને ક્લેશનો અનુભવ માણસને આજની જેમ વધારે કે ઓછા પ્રમાણમાં ભૂતકાળમાં પણ કરવો પડતો. તાપ ને છાયા તેમ જ દિવસ ને રાતની જેમ સુખ ને દુઃખ, પતન ને ઉત્થાન, બંધન ને મુક્તિ તથા પરિતાપ ને પ્રસન્નતા માનવને માટે આ સંસારમાં શરૂઆતથી જ સહજ હતાં. માણસ વિવેકી થયો ત્યારથી જ તે વિશે વિચારતો થયો છે. સુખની પ્રાપ્તિ, પ્રાપ્ત થયેલા અથવા સંપાદિત કરેલા સુખની સાચવણી ને સદાને માટેની સાચવણીની તેને હમેશાં ઇચ્છા રહી છે. તે માટે બની શકે તેટલો વિચાર ને પ્રયાસ તેણે કર્યા કર્યો છે. તેની સાથે સાથે બીજી બાજુ દુઃખની નિવૃત્તિ ને કાયમની નિવૃત્તિ માટે પણ તેણે બનતી મહેનત કરી છે. ઊંડાણથી વિચાર કરીએ તો સુખની પ્રાપ્તિ ને દુઃખની નિવૃત્તિની વાત પરસ્પર સંકળાયેલી જ છે. એટલે તેમાંથી કોઇ પણ એક હેતુને માટે મહેનત કરવાથી બીજો હેતુ આપોઆપ કે સહજ રીતે જ સિદ્ધ થઇ જાય છે.

દુઃખમાંથી મુક્તિ મેળવવા માટે શું કરવું જોઇએ તેવા પ્રશ્નો આજે પણ અવારનવાર પૂછવામાં આવે છે. ઉપનિષદકાળમાં ઠેઠ સંસ્કૃતિની સમૃદ્ધિના સમયમાં પણ એ પ્રશ્નની વિચારણા કરવામાં આવી હતી, ને તે વિશેના ચોક્કસ વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. તેની પ્રતીતિ આપણને આ ઉપનિષદ પરથી સહેલાઈથી થઇ

રહે છે. સંસારની વિશાળ સરિતાને સહીસલામત રીતે કોણ તરી શકે અથવા તો સંસારના જે મહાન ચક્રનું વર્ણન આગળ વિસ્તારથી કરવામાં આવ્યું છે તે ચક્રની પાર કોણ પહોંચી શકે? આ વિશાળ ને ગહન સંસારમાં જે ભાતભાતનાં દુઃખ, બંધન ને અપરંપાર અશાંતિનાં દર્શન થાય છે તેમાંથી મુક્તિ મેળવીને માણસ સનાતન સુખ, શાંતિ ને સ્વતંત્રતાની અનુભૂતિ કેવી રીતે કરી શકે? એ પ્રશ્નોના ઉત્તર આપતાં ઋષિ આપણને ફરી એક વાર કહી દે છે કે ભાઈઓ, સંસારના આ મહામુસીબત ભરેલા ભારે ચક્રમાંથી મુક્તિ મેળવવી હોય, આ મહાભયંકર મોહ નદીની પાર પહોંચવું હોય, ને દુઃખદર્દ તથા અશાંતિમાંથી સદાને માટે છૂટીને પરમ શાંતિનો સ્વાદ લેવો હોય, તો સંસારમાં બધે જ વ્યાપીને રહેલા ને શરીરમાં વિરાજેલા પરમાત્માને જાણી લેવાની જરૂર છે. માણસ જુદા જુદા દેવોને ભજે છે ને માને છે. પરંતુ તેને ખબર નથી કે પરમાત્મા દેવોના પણ દેવ છે ને બીજે ક્યાંય દૂર નહિ પણ તેની અંદર જ—પ્રાણની પણ વધારે પાસે રહેલા છે. તે પરમાત્માને જાણી લેવાની જરૂર છે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે માણસ બીજું બધું જ જાણે છે ને જાણવાનો આગ્રહ રાખે છે, પરંતુ તેના પોતાના જ સ્વરૂપ જેવા સૌથી સમીપ રહેલા પરમાત્માને નથી જાણતો ને જાણવાનો ખાસ આગ્રહ પણ નથી રાખતો. માણસ જમીનને ને જમીનની અંદર રહેલા ખનીજ પદાર્થોને જાણે છે, દરિયાની અંદર ડૂબકી મારી તેની ગૂઢ ને ગુપ્ત દુનિયાની માહિતી મેળવે છે, શરીરના અવયવ ને સંચાલનની માહિતી માટે શરીરશાસ્ત્રને સમજે ને સમજાવે છે; તારા, ચંદ્ર ને ગ્રહોના જ્ઞાનનો રસ કેળવે છે, બધું જ કરે છે ને બહારના બધા જ પદાર્થોની માહિતી મેળવે છે; પરંતુ પોતાની તદ્દન નજીકની ને



પોતાની અંદરની દુનિયાની માહિતી માટે મહેનત નથી કરતો તે નવાઈ જેવું છે. તેને લીધે તે સંસારની બધી વસ્તુઓના શબ્દકોષ જેવો બની જાય છે તોપણ, પોતાના સંબંધમાં તદ્દન કોરો, માહિતી વિનાનો અથવા અજ્ઞાન રહે છે. ચાંગદેવ પાસે બહારની દુનિયાની સંપૂર્ણ માહિતી મળી શકે તેવી શક્તિ હતી. પ્રકૃતિ પર તેનો કાબૂ હતો, ને તેને પરિણામે તે મોટા મોટા સાધકોને નવાઈમાં નાખી દે તેવાં કામ કરી શકતો. વાઘ ને સિંહ પર સવારી કરવાનું, સાપને ચાબુકની જેમ ચલાવવાનું, કલાકો લગી ધરતીમાં દટાઈ જઈને સમાધિની ગહન દશામાં ડૂબી જવાનું, ભૂત ને ભાવિ કહી શકવાનું ને એવું અનેક પ્રકારનું સામર્થ્ય તેનામાં સહજ હતું. ટૂંકમાં કહીએ તો અષ્ટ સિદ્ધિ ને નવ નિધિનો તે સ્વામી હતો. છતાં તેને આત્માનું જ્ઞાન અથવા વધારે સારા શબ્દોમાં કહીએ તો આત્માનુ ભાન ન હતું. પરમાત્માની અનુભૂતિ એને નહોતી થઈ. તેથી તેને શાંતિ પણ ન હતી. અહંકાર જેવા દુર્ગુણ ને બીજી મલિન વૃત્તિના બંધનમાંથી પણ તે મુક્ત ન હતો. તેથી તો તેનું જીવન નબળાઈથી ભરેલું હતું. આદર્શના પરમપદની પ્રાપ્તિ તેને નહોતી થઈ. શાંતિની પ્રાપ્તિ માટે તેણે મહારાષ્ટ્રના મહાન સંત શ્રી જ્ઞાનેશ્વરને મળવાનો વિચાર કર્યો પરંતુ પ્રત્યક્ષ મુલાકાત પહેલાં એક પત્ર લખવાની તેને ઈચ્છા થઈ. પત્ર લખવા માટે કાગળ તો હાથમાં લીધો પરંતુ તેની શરૂઆત કેમ કરવી તેની સમજ તેને ન પડી. જ્ઞાનેશ્વર મહારાજને સંબોધન શું કરવું તે સમસ્યાનો ઉકેલ તે ન કરી શક્યો. તેને થયું કે જો પત્રમાં પૂજ્ય લખું તો મારે માટે તે વાત સારી ન કહેવાય કેમ કે હું તો ચૌદસો વરસનો હોવાથી જ્ઞાનેશ્વરથી ઘણો મોટો છું; વળી તેને થયું કે પ્રિય જેવા શબ્દથી સંબોધન કરવાનું પણ સારું તો ન જ કહેવાય, કેમ કે પ્રિય તો પોતાની બરાબરના અથવા

પોતાનાથી નાના માણસો માટે જ લખી શકાય. જ્ઞાનેશ્વર તો પરમ જ્ઞાની છે ને મારા ગુરુ થવાને લાયક હોય તો તેમને માટે પ્રિય શબ્દનું સંબોધન લખવું તદ્દન અનુચિત ગણાય. એ બધા વિચારો-ને લીધે પત્રમાં શું સંબોધન કરવું તે તેને સમજાયું નહિ. તેથી કોઇ પણ પ્રકારના સંબોધન ને લખાણ વિનાનો કોરો કાગળ જ તેણે રવાના કર્યો. ચાંગદેવની સિદ્ધિ ઘણી મોટી હતી, પરંતુ અભિમાનનો ત્યાગ કરવાથી નમ્રતા અથવા શિશુસહજ સરળતાની જે મહામૂલ્યવાન સિદ્ધિ મળે છે તે તેની પાસે ન હતી, તે આથી સાબિત થાય છે. જ્ઞાનેશ્વર મહારાજની પાસે તેના દૂતે પત્ર પહોંચાડયો ત્યારે જ્ઞાનેશ્વરને કોરો કાગળ જોઇને કાંઇ નવાઇ ન લાગી. તેમણે દૂતને તરત કહી દીધું કે ચાંગદેવને કહેજે કે આ કાગળની જેમ ચૌદસો વરસનો હોવા છતાં તું હજી કોરો ને કોરો જ રહ્યો છે; તારે કોઇ સદ્‌ગુરુનું શરણ લેવાની જરૂર છે.

### ચાંગદેવની વાતનો સાર

દૂતે ચાંગદેવને જ્ઞાનેશ્વર મહારાજની મુલાકાતની વાત કહી સંભળાવી ત્યારે તેને ખાતરી થઇ કે જ્ઞાનેશ્વર ખરેખર કોઇ મહા-પુરુષ છે. સદ્‌ગુરુ થવાની તે સંપૂર્ણ યોગ્યતા ધરાવે છે તેવું તેને લાગ્યા વિના રહ્યું નહિ. તેવા મહામાનવની મુલાકાતથી શાંતિ મળી શકે ને વિકાસની નવી પ્રેરણા ને નવા પ્રકાશની પ્રાપ્તિ થાય તેવું પણ તેને સમજાયું. તેથી તેણે તેમની પ્રત્યક્ષ મુલાકાત લેવાનો વિચાર કર્યો. પરંતુ તેનામાં પોતાની વય ને પોતાની સિદ્ધિનું અભિમાન હતું. તેને લીધે જ્ઞાનેશ્વરની પાસે જવામાં પણ તેણે મોટો આડંબર ઊભો કર્યો. સિંહ પર સવારી કરીને હાથમાં સાપની ચાબુક લઇને ભક્તો ને સેવકોની મોટી સેના સાથે ભારે ધામધૂમ-થી જ્ઞાનેશ્વરને મળવા માટે તે ચાલી નીકળ્યો. દીવાલ પર પોતાનાં



ભાઇબહેન સાથે બેઠેલા સંત જ્ઞાનેશ્વરે દીવાલ ચલાવીને તેનો સત્કાર કર્યો ને તેને પરિણામે તેનો મદ કેવી રીતે જડમૂળથી દૂર થયો તે વાત સારી પેઠે જાણીતી છે. જ્ઞાનેશ્વર મહારાજના દર્શનથી ચાંગદેવ ખૂબ જ પ્રભાવિત થયો ને તેણે તેમને ગુરુ બનીને ઉપદેશ આપવાની પ્રાર્થના કરી. જ્ઞાનેશ્વરે તેને ઉત્તર આપ્યો કે તેની નાની બહેન મુક્તાબહેન જ તેના ગુરુનું કામ કરી શકે તેમ છે. જ્ઞાનેશ્વરનો એ ઉત્તર ચાંગદેવને માટે મોટા પદાર્થપાઠરૂપ હતો. તે ઉત્તરમાં તેનું અભિમાન સંપૂર્ણપણે દૂર કરવાની શક્તિ હતી. મુક્તાબહેનની ઉંમર તે વખતે લગભગ નવ વરસની જ હતી. તેની પાસે ચાંગદેવ જેવો સિદ્ધ યોગી જ્ઞાનનો ઉપદેશ લેવા જિજ્ઞાસુ-ભાવે જાય તેમાં કેટલી બધી નમ્રતા ને સરલતા તથા ગુણ-ગ્રાહકતાની જરૂર પડે! મુક્તાબાઇની ઉંમર અત્યંત નાની પરંતુ યોગ્યતા ઘણી મોટી હતી. ચાંગદેવ તેની પાસે જિજ્ઞાસુ બનીને ગયો ત્યારે તે બાલસહજ સ્વભાવ પ્રમાણે નગ્ન સ્વરૂપે સ્નાન કરતી હતી. તેને તે અવસ્થામાં જોઇને કહે છે કે ચાંગદેવને તેની પાસે જવામાં સંકોચ થયો ને તે તરત જ પાછો વળ્યો. મુક્તાબાઇ તેના સંકોચનું કારણ સમજી ગઇ ને તરત બોલી ઊઠી કે ચાંગ-દેવ, તું નગુરો છે. તને હજી સાચા પરમાત્મદર્શી ગુરુની પ્રાપ્તિ નથી થઇ. તેવા મહાન ગુરુના ચરણોનું સેવન કરવાનું સૌભાગ્ય તને પ્રાપ્ત થયું હોત તો તારી દશા આવી અધકચરી ન હોત. તેવા ગુરુના સમાગમ ને તેમની કૃપાના પ્રભાવથી તને બધે પર-માત્માનો પ્રકાશ દેખાત ને અજ્ઞાનનાં બધા જ આવરણ દૂર થાત. તેમની કૃપાથી તને સમજાત કે શરીરમાં આસક્ત થવા જેવું ને શરીરમાં અહંતા કરવા જેવું કંઇ જ નથી. ઘરમાં જેવી રીતે જુદાં જુદાં બારીબારણાં તૈયાર કરવામાં આવે છે તેવી રીતે આ શરીર પણ જુદા જુદા પદાર્થો ને આકારોનું બનેલું છે. તેમાં રહેલા

પરમાત્માના પ્રકાશની ઝાંખી કરવામાં આવે તો શોક ને મોહનું કારણ દૂર થાય છે. પછી જીવન તટસ્થ, નિર્વિકાર, આનંદમય ને મુક્ત બની જાય છે.

મુક્તાબાઈના એ ઉપદેશવચનથી કહે છે કે ચાંગદેવનો મોહ દૂર થયો. તેને નવા ને પ્રેરક પ્રકાશની પ્રાપ્તિ થઈ. પછી તો કહે છે કે મુક્તાબાઈએ તેને જ્ઞાનનો અનેકવિધ ઉપદેશ આપ્યો. ચાંગદેવે લાંબા સમય સુધી આલંદીના એ પુણ્યક્ષેત્રમાં જ્ઞાનેશ્વર, મુક્તાબાઈ, નિવૃત્તિનાથ ને સોપાનસરખાં સમર્થ સંતજનોના સાંનિધ્યમાં વાસ કર્યો, ને એ જ્ઞાનપ્રકાશનો અનુભવ કર્યો જેને પરિણામે તેને પરમ શાંતિની પ્રાપ્તિ થઈ. તેનું જીવન બધી રીતે ધન્ય બની ગયું. યોગની યમુના નદી તો તેના અંતરમાં વહેતી જ હતી. જ્ઞાનની ગંગા તેમ જ સ્વાનુભવની સરસ્વતીનો પણ તેની સાથે સુભગ સંગમ થયો. પરિણામે પરમ શાંતિનું સુંદર તીર્થ ત્યાં તૈયાર થયું.

ચાંગદેવની એ વાત ખૂબ જ પ્રસિદ્ધ છે. તેના પ્રતીકરૂપે આલંદીમાં આજે પણ તેનું સ્મારક છે. લોકો તેનું દર્શન કરે છે ને તેને પોતાની અંજલિ આપે છે. એ વાતમાં ઘણો ઊંડો સાર સમાયેલો છે. સામાન્ય રીતે માણસ ચાંગદેવ અથવા તો એમ કહો કે અંગદેવ જેવો છે. અંગની આરાધના, અંગનો આસ્વાદ ને અંકની આસક્તિમાં તે બંધાયેલો છે. શરીરથી ઉપર ઊઠીને પરમાત્માના પરમ પ્રકાશનો અનુભવ એ નથી કરી શકતો. તેને લીધે તેનું જ્ઞાન સીમિત બને છે, એનો અનુભવ અધૂરો રહી જાય છે, ને દુઃખદર્દ ને અશાંતિમાં એ અટવાયા કરે છે. ભેદભાવ ને તેને લીધે ઉત્પન્ન થનારાં અનેક જાતનાં બંધનો ને દોષદર્શનનો તે શિકાર બને છે. તેનાથી સંપૂર્ણપણે છૂટી જવાય ને પરમાનંદ ને પરમ સુખના ભાગી થવાય તે માટે તેણે શું કરવું જોઈએ? તેણે જ્ઞાનદેવનું શરણ લેવું જોઈએ. અંગદેવ ને જ્ઞાનદેવ બે જુદા જુદા છે. અંગદેવ એ ચાંગદેવ ને જ્ઞાનદેવ એ આત્મદેવ છે. જ્ઞાનેશ્વર



પરમાત્માનું જ બીજું નામ છે. તેમની સાથે સંબધ બાંધવાથી ને સ્નેહ કરવાથી માણસનું જીવન ધન્ય બની જાય છે. જ્ઞાનેશ્વરરૂપી પરમાત્માની કૃપાથી જ તેને મુક્તાબાઈના દર્શનનો અથવા તો મુક્તિના અનુભવનો આસ્વાદ મળે છે. જ્યાં જ્ઞાનેશ્વર છે ત્યાં મુક્તાબાઈરૂપી મુક્તિ, નિવૃત્તિ એટલે ચિત્તવૃત્તિની શાંતિ ને સોપાન એટલે જીવનની ઉન્નતિ ને જીવનના ઉદ્ધારની પગદંડી કે પગથી છે. પરમાત્મા જ્ઞાનના સ્વામી ને દેવોના દેવ છે, ને તેમને જાણવાથી કે તેમની પાસે પહોંચવાથી મુક્તિ, શાંતિ, બંધનની નિવૃત્તિ બધું શક્ય બને છે. આ ઉપનિષદમાં ઋષિ એ જ વાતનું પુનરુચ્ચારણ કરે છે. આ ઉપનિષદ બધું સંસ્કૃત છંદમાં જ લખાયેલું છે. તેના શ્લોકો અત્યંત સરળ ને સુંદર તથા સારગ્રાહી છે. તે શ્લોકોમાં મનને ગમી જાય ને હૈયામાં વસી જાય તેવા જે કેટલાક શબ્દપ્રયોગો છે તેમાં આ સારને સમાવી લેનારો એક પ્રયોગ પણ ખૂબ સરસ ને યાદગાર છે. **'ज्ञात्वा देवं सर्वपाशापहानिः ।'** ઋષિ પોતાના અનુભવના આધાર પર ભાર દઈને ભારે નિશ્ચયાત્મક વાણીમાં કહે છે કે દેવોના દેવ પરમાત્માને જાણવાથી બધી જાતનાં દુઃખ, દર્દ ને બંધનમાંથી છૂટી શકાય છે. તેમાંથી છૂટવાનો તે સિવાયનો બીજો કોઈ અસરકારક રામબાણ ઉપાય કે માર્ગ નથી જ નથી.

રોમન-તત્ત્વજ્ઞાની સમ્રાટ માર્ક્સ ઓરેલિયસ

# આત્મચિંતન

પં. દેવકૃષ્ણ શાસ્ત્રી

જે વીતી ચૂક્યું છે એ માટે શોક ન કરો. જે બનવાનું છે એની પણ ચિંતા ન કરો. હાલમાં તમે જે જાતનું જીવન વિતાવો છો એ દૃઢતાપૂર્વક, વિચારી-સમજીને તથા ધર્મપથથી જરા પણ ચલિત થયા વિના વિતાવો. વિશુદ્ધ કન્યાની જેમ તમારો આત્મા સ્વચ્છ રહો. મૃત્યુ પછી પરમાત્માને એ સોંપવા લાયક હોય એવો સદા સ્વચ્છ રાખો.

'અમુક વસ્તુ મને મળવાની છે,' એવા વિચારથી વ્યાકુળ થવું અથવા 'અમુક વ્યક્તિનો ડર લાગ્યા કરે છે, એનાથી કેવી રીતે બચવું,' એવા વિચારથી ભયભીત રહ્યા કરવું એ બંને વાત બરાબર છે. બધું જ ભગવાનને આધીન છે. તમારી વાણીમાં સત્ય અને ધૈર્ય હમેશાં રહે, તો જ તમે સાચું સુખ મેળવી શકો. આ રીતે વર્તશો તો બાહ્ય વસ્તુઓ ભલે ગમે તેવી હોય તોપણ એ તમારા મનની શક્તિનો ભંગ નહીં કરી શકે.

* * *

ચીરફાડ કરનાર વૈદ્ય પોતાના ઓજારો ઉપયોગમાં આવી શકે એટલા માટે હમેશાં તૈયાર રાખે છે. અમારું ઓજાર તત્ત્વજ્ઞાન છે. જરૂર પડયે એનો ઉપયોગ થઇ શકે એવી સ્થિતિમાં એને રાખો. કોણ જાણે ક્યારે દેવ કે માનવ તમારા ઉપર હુમલો કરે અને પરિણામે તમે તદ્દન વિવશ અને દુઃખી થઇ જાઓ, એ વખતે



જ્ઞાનથી એ પરિસ્થિતિનો સામનો કરો.

નાનાં-મોટાં કામ કરતી વખત યાદ રાખો કે, તમારી અને બીજાની વચ્ચે હમેશાં સંબંધ હોય છે. પરમાર્થ સમજ્યા વિના અહીંનું જીવન સંપૂર્ણ નથી થઇ શકતું. પ્રાકૃતિક ધર્મ ભૂલી જઇને તમે પરમાર્થને પામી શકતા નથી, બંને વચ્ચે ગાઢ સંબંધ છે.

* * *

માણસ સ્થિરબુદ્ધિપૂર્વક ત્યારે જ જીવન જીવી શકે છે કે જ્યારે વિશ્વાત્માનો પોતે એક અંશ છે, એથી જુદો નથી એમ એ સમજી લે. બુદ્ધિમાન માણસ તૃષ્ણાથી દૂર રહે છે. ઇચ્છિત વસ્તુ મળે કે ન મળે તોપણ એનું મન ચંચળ થતું નથી. શાંત રહેવાની શક્તિ એને સાધના દ્વારા મળી હોય છે. વિઘ્નો આત્મશક્તિની પ્રગતિમાં સહાયક છે એમ એ માને છે. પ્રજ્વલિત અગ્નિમાં કોઇ વસ્તુ નાંખો તો એથી અગ્નિ બૂઝાતો નથી. જે વસ્તુ એમાં પડે છે એ પોતે બળવા લાગે છે અને અગ્નિની જ્વાળાને વધુ મોટી કરે છે. પોતાના મનને એ અગ્નિ જેવું રાખો.

* * *

કેટલાક માણસો એકાંતની શોધમાં રહે છે. સમુદ્રકિનારે, પર્વત ઉપર, વનમાં કે કોઇ નિર્જન સ્થાનમાં આશ્રમ બનાવી રહે છે. તમે પણ એમ જ કરવા ઇચ્છો છો? એથી વધી જાય એવી કોઇ મૂર્ખતા હોઇ શકે નહીં. જ્યારે ઇચ્છો ત્યારે કોઇ પણ જગ્યાએ એકાંત સ્થાન મળી શકે છે. સારા વિચારો અને સાધનાથી ચિત્તને જે શાંતિ મળે છે એથી વધુ શાંતિ કયા એકાંતવાસમાં મળી શકે? જ્યારે જરૂર લાગે ત્યારે પોતાના મનરૂપી એકાંત આશ્રમમાં પ્રવેશ કરો. એથી તમને શાંતિ મળશે. તમારું મનોબળ વધશે. ત્યાં એકાગ્રતાથી તત્ત્વચિંતન કરો. એથી રાજકીય કોયડાઓને અને

ગંચવાડાને ભૂલી શકશો. દુનિયાનાં સંકટોનો સામનો કરતાં કરતાં મનને પ્રફુલ્લિત રાખવાની આ જ દવા છે.

* * *

ઉદાસ શા માટે રહો છો? દુર્જનોની ખટપટોથી તમે દુઃખી છો કે શું? માણસોને સમજણશક્તિ એટલા માટે જ મળી છે કે, તેઓ બીજાઓની સાથે હળીમળી રહે. ક્ષમા એ માનવનો ધર્મ છે. કોઇ માણસ જ્યારે બૂરું કામ કરે છે ત્યારે એ પોતાના મનથી વિરુદ્ધ વર્તે છે. અત્યાર સુધી કરોડો માણસો એકબીજા સાથે વેરભાવથી વર્તતાં આવ્યાં છે. એકબીજાનાં દુશ્મન બનીને લડી ચૂક્યાં છે. છેવટે પોતાના મૃત્યુ સિવાય એ લોકોએ શું મેળવ્યું? આવી વાતોનો વિચાર કરીને ચિત્તને શાંત રાખો.

શું તમે તમારા અદૃષ્ટથી દુઃખી છો? આ વિશ્વ અણુઓની સ્વતંત્ર હિલચાલથી ચાલે છે કે કોઇ નિયંતાના આદેશથી, એ વિચારો. તમે જોઇ શકશો કે વિશ્વની બધી બાબતો નિયમબદ્ધ છે.

શું તમે કોઇ શારીરિક રોગથી પીડાઓ છો? ભૂલશો નહીં કે શરીર અને આત્મા અલગ અલગ વસ્તુઓ છે. શરીરના દુઃખની અસર મન ઉપર થવા ન દો. જેને પોતાના બળની ખબર હોય એવું મન શરીરના દુઃખની પરવા કરતું નથી. શરીર અને એના રોગોની બાબતમાં તમે ઘણું સાંભળ્યું છે. અરે, તમે પોતે એ વિષે ઘણું લખ્યું પણ છે. એ વાતોનો વિચાર કરો.

શું તમે કીર્તિની ચિંતામાં પડયા છો? કીર્તિ તો તુચ્છ છે. જુઓ તો ખરા, આ દુનિયામાં જે કાંઇ છે એ બધું કેટલી ઉતાવળથી નાશ પામે છે. અસંખ્ય યુગો વીતી ગયા. ભવિષ્ય પણ અનંત છે. અનંતકાળની ગણતરીમાં કોઇની પ્રશંસા કરવાનો અર્થ



શો? અને પ્રશંસા એટલે શું? જે લોકોનો કોઇ મત સ્થિર નથી એવા મૂર્ખ માણસો ક્યારેય તમારી બાબતમાં તમને ગમે એવી વાત કહી નાંખે ત્યારે એને તમે પ્રશંસા કહો છો! એ પ્રશંસા ક્યાં સુધી ફેલાઇ શકે? બ્રહ્માંડમાં આ જગતનું માપ એક અણુ જેટલું છે. દુનિયાનો આ ખૂણો જ્યાં આપણે વસીએ છીએ એ અણુનો પણ અણુ છે. એમાં પણ કેટલા અને કેવા પ્રકારના માણસો તમારી પ્રશંસા કરે છે?

બધી વાતોને વિસારે પાડીને પોતાના મનરૂપી નિર્જન ઝૂંપડામાં ચાલ્યા જાઓ અને ત્યાં બેસીને મનન કરો. સ્વતંત્ર થાઓ. મનન કરતાં કરતાં એક વાત ક્યારેય ભૂલશો નહીં કે વિશ્વરૂપી વિશાળ કુટુંબના તમે એક સભ્ય છો. કોઇ પણ એક દિવસ તમારે આ દુનિયાને છોડવી જ પડશે. આવી જાતના વિચાર–ચિંતનથી ઘણો ફાયદો થાય છે. વિષય–ભોગ, સુખ–દુઃખ આત્માને કાંઇ જ અસર નથી કરી શકતાં. એ તો બાહ્ય વસ્તુઓ છે, તમારું મન નકામી ચિંતા કરે છે. અહીંની બધી જ વસ્તુઓ ક્ષણભંગુર છે. તમે પોતાની આંખોથી કેટલીય વાર મૃત્યુને જોયું છે. એ જ જગતની રીત છે. મનન એ જ માનવજીવન છે.

દરેક માણસ પોતે સમજદાર હોય છે. એ જાણે છે કે, કયું કામ કરવું જોઇએ અને કયું નહિ. ધર્મ અને ન્યાય સૌને માટે એકસરખો હોય છે. આથી સમસ્ત માનવજાતિ એક જ નિયમને આધીન છે.

* * *

પ્રકૃતિમાંથી જ મારા શરીરના બધા ભાગ બન્યા છે. પ્રથમથી જે વસ્તુનું અસ્તિત્વ હોય છે એ જ બીજી વસ્તુની ઉત્પત્તિનું.

કારણ છે. શૂન્યની ઉત્પત્તિ થઇ શકતી નથી. પૃથ્વી, પાણી, વાયુ અને તેજથી મારું શરીર બન્યું છે. જ્ઞાનરૂપી મારા આત્માનું પણ મૂળ કારણ જરૂર કાંઇક હશે જ. એ જ પરમાત્મા છે. જેમ શૂન્યમાંથી કોઇ વસ્તુ ઉત્પન્ન થઇ શકતી નથી એમ વસ્તુઓ નાશ પામીને શૂન્ય થઇ શકતી નથી. મારો આત્મા જરૂર કોઇ શાશ્વત અને પરમ વસ્તુથી જ ઉત્પન્ન થયો હશે.

જેમ જન્મ થાય છે એમ મૃત્યુ પણ થાય છે. (પંચ)ભૂતોનું ઐક્ય એ જન્મ છે અને તેમનો હ્રાસ એ મૃત્યુ છે. એમાં ચિંતાની શી વાત છે? મૃત્યુ એ તો પ્રકૃતિનો સ્વભાવ છે.

પોતપોતાના સ્વભાવ પ્રમાણે માણસો વર્તે છે. વડમાં દૂધ જરૂર હોય છે. કદાચ આપણે ઇચ્છીએ કે, 'એમ ન હોય તો ઠીક,' પણ એ સંભવિત નથી. આયુષ અનંત હોઇ શકતું નથી. સૌનું મૃત્યુ નિશ્ચિત છે. જે વાતને આપણે અત્યારે સાચી માનીએ છીએ એ મિથ્યા થઇ જશે.

* * *

શોક ચિંતાથી થાય છે, માટે ચિંતા છોડો.

* * *

જે મારા ગુણોને બગાડી શકતું નથી એ મારા જીવનને પણ બગાડી શકે નહીં, એને નુકસાન પહોંચાડી શકે નહીં.

* * *

કોઇ તમારું બૂરું કરે, તોપણ એના ખરાબ વિચારોને તમે તમારા મનમાં પ્રવેશવા દેશો નહીં. એ જે ખરાબ ભાવનાઓ તમારામાં પ્રવેશાવવા ઇચ્છે છે એને તમારા હૃદયમાં સ્થાન દેશો



નહીં. આટલું કરશો તો કોઇ પણ દુઃખની અસર તમને થશે નહીં. બધી બાબતોનો બરાબર વિચાર કરો.

* * *

તમારામાં બે ગુણ અવશ્ય હોવા જોઇએ; એક તો એ કે, પ્રજાનું હિત મનમાં રાખીને રાજ્યવ્યવહાર ચલાવો અને બીજું એ કે કોઇ 'તમારા વિચારો ખોટા છે' એમ સાબિત કરે અને તમને પણ એનું કહેવું ઠીક લાગે તો તમે પોતાના વિચારોને બદલો. દરેક કાર્ય ન્યાય અને લોકહિતનું ધ્યાન રાખીને કરો. પણ—'બીજી રીતે વર્તીશ તો સરળતા થશે અથવા હું પ્રશંસાપાત્ર બનીશ'—એમ સમજીને તમારા વિચારો બદલશો નહીં.

* * *

આ પ્રકૃતિમાંથી જ તમે પેદા થયા છો અને એમાં જ સમાઇ જશો. જે મૂળ વસ્તુઓમાંથી તમારો જન્મ થયો છે એમાં જ ફરી મળી જશો, બસ.

* * *

જીવનને એવી રીતે વિતાવો નહીં, જાણે તમે સેંકડો વર્ષ જીવવાના હો. મૃત્યુ બારણામાં ઊભું છે, કોઇ પણ વખતે ઘરમાં પ્રવેશ કરી શકે છે. એ માટે અત્યારથી જ તૈયારી રાખો. તમારા અંતઃકરણને સ્વચ્છ રાખો. બીજાઓએ શું કર્યું, શું વિચાર્યું, એવી નકામી વાતોમાં સમય ગુમાવશો નહીં. આત્મનિરીક્ષણ કરો અને ધર્મમાર્ગ પર ચાલો. એમ કરવાથી સમય નકામો નહીં જાય અને તમારું ભલું પણ થશે. આમતેમ જોશો નહીં. સામે જ નજર રાખીને ચાલજો.

મર્યા પછી તમારી કીર્તિ વધે તો સારું એવી લાલચમાં પડશો

નહીં. જ્યારે તમે હશો નહીં ત્યારે તમારી બાબતમાં લોકો શું કહેશે એની તમારે શી ચિંતા? તમે એ વાતો તો નહીં સાંભળી શકો ને? બીજા જે જીવતા હશે એ સાંભળશે પણ એમને એની શી પડી છે? આથી વિવેકપૂર્વક ધર્મને અનુસરીને વર્તો.

**સુવાક્ય**

હૃદય જ્યાંસુધી ભાવવિભોર અથવા પ્રેમથી પરિપ્લાવિત ના બને, ઈશ્વરને માટે રડવા, પ્રાર્થના કે પોકારવા ના માંડે, અને ઈશ્વરના દર્શનને માટે આકુળ વ્યાકુળ બનીને અનવરતપણે આક્રંદ ન કરી ઊઠે, ત્યાંસુધી ઈશ્વરદર્શનની શક્યતા નથી હોતી. **યોગેશ્વર**

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨



# ગુરુમહિમા

પ્રતિપાદક : રાષ્ટ્રપતિ સંમાનિત
**ડૉ. અરુણોદય ન. જાની**

ભારતીય સંસ્કૃતિમાં ગંગા, ગાયત્રી, ગીતા, ગુરુ અને ગૌ (ગાય) એ પાંચ ગકારો અત્યંત માનનીય અને પૂજનીય મનાયા છે. વળી આ પાંચેમાંય ગુરુનું સ્થાન સર્વશ્રેષ્ઠ મનાયું છે, કારણ કે શાસ્ત્ર પ્રમાણે ગુરુ એ નર (મનુષ્ય) નથી, પરંતુ નારાયણ–સાક્ષાત્ પરબ્રહ્મ જ છે.

વ્યાકરણશાસ્ત્ર પ્રમાણે ગુરુ શબ્દ ચાર જુદા જુદા ધાતુઓમાંથી નિષ્પન્ન કરાયો છે. અને તે રીતે ચાર પ્રકારથી ગુરુતત્ત્વની સમજણ અપાઈ છે.

(૧) વ્યાકરણમાં ચાર ધાતુ પૈકી પહેલો ધાતુ गृ सेचने (સિંચવું) છે. પહેલા ત્રણ પરસ્મૈદમાં गरति એવા રૂપવાળા ધાતુ ઉપરથી (ज्ञानामृतं) गरति= सिञ्चति= गुरुः । જે શિષ્યના ઉપર જ્ઞાનરૂપી અમૃત સિંચે છે એટલે કે જ્ઞાન આપી તેને અમર બનાવે છે, તે ગુરુ કહેવાય છે.

(૨) गृ निगरणे =(ગળી જવું) છઠ્ઠા ગણના પરસ્મૈપદી गृ ધાતુનું રૂપ गिरति થાય છે. તેથી शिष्यस्य) अविद्याम्= अंज्ञानान्धकारं गिरति= गुरुः જે શિષ્યની અવિદ્યા એટલે કે અજ્ઞાનરપી અંધકારને ગળી જાય છે (નાશ કરે છે) તે ગુરુપદવાચ્ય છે. અહીં ગુરુને સૂર્ય સમાન માનવામાં આવ્યા છે. સંસ્કૃતમાં र અને लनो અભેદ મનાયો હોવાથી रने બદલે ल મૂકાય

છે. તેથી ગિરતિનું વૈકલ્પિક રૂપ ગિલતિ પણ થાય છે. ગુજરાતી-માં ગળવું ક્રિયાપદ એના ઉપરથી આવે છે.

(૩) ત્રીજો ધાતુ નવમા ગણનો પરસ્મૈપદ ધાતુ गृ शब्द (અવાજ કરવો, બોલવું) એ છે.

शिष्याय धर्मादिरहस्यं, तत्त्वमस्यादिवाक्यतात्पर्यं
वा गृणाति ( = उपदिशति) = गुरुः ॥

જે શિષ્યને ધર્મ વગેરેનું રહસ્ય અને तत्त्वमसि જેવા મહા-વાક્યનો ઉપદેશ આપી તેનો ઉદ્ધાર કરે છે, તે ગુરુ કહેવાય છે.

(૪) ચોથો ધાતુ દશમાગણનો ઉભયપદી ધાતુ गृ विज्ञाने (=જણાવવું) એ છે. शिष्यं शास्त्ररहस्यं गारयति= विज्ञापयति= गुरुः। જે શિષ્યને શાસ્ત્રનાં ગૂઢ રહસ્યો સમજાવે છે તે ગુરુ કહેવાય છે.

આ ચાર વ્યુત્પત્તિદ્વારા ગુરુનું શું કાર્ય છે તે સ્પષ્ટ સમજાય છેઃ–

ગુરુ શિષ્યને ધર્માદિ ચાર પુરુષાર્થોનું વેદ અને વેદાંતના તત્ત્વમસ્યાદિ મહાવાક્યોનું જ્ઞાન આપી તેનાં ગૂઢ રહસ્યોનો ઉપદેશ આપી શિષ્યના અજ્ઞાનરૂપી અંધકારનો પોતાના જ્ઞાનસૂર્યથી નાશ કરી તેના ઉપર જ્ઞાનરૂપી અમૃત છાંટી તેને અમર બનાવે છે. એટલે કે જન્મમરણના ફેરામાંથી મુક્ત કરી તેને મોક્ષ અપાવે છે. આમ ગુરુ શિષ્યનો પરમ હિતકારી છે.

ગુરુવન્દનાના પ્રસિદ્ધ શ્લોકમાં આ જ વાત કહી છે.

अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥ (गुरुगीता–१४)

અજ્ઞાનરૂપી અંધકારથી આંધળા બનેલા શિષ્યની આંખમાં



જ્ઞાનરૂપી સૂરમો આંજી તેની આંખ ખોલી નાંખે છે. (તત્ત્વને જોતો કરે છે.) તે શ્રીગુરુને નમસ્કાર હજો.

વંદનાના બીજા શ્લોકમાં ગુરુ શિષ્યને મોક્ષ કેવી રીતે અપાવે છે તે દર્શાવ્યું છે.

अखण्डमण्डलाकारं व्याप्तं येन चराचरम्।
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥

અનેક કોટિ બ્રહ્માંડના મંડળના આકારવાળા ચર (જંગમ) અને અચર (સ્થિર) જગતને જે વ્યાપીને રહ્યું છે એવું તે પદ (પરમાત્માનું) સ્વરૂપ) જેણે શિષ્યને બતાવ્યું. તે ગુરુને નમસ્કાર હજો. (વેદોમાં મોક્ષરૂપી પરમાત્માના શ્રેષ્ઠ સ્થાનને तद् विष्णोः परमं पदम् એ રીતે વર્ણવ્યું છે.)

શિવપાર્વતીના સંવાદરૂપે લખાયેલ ગુરુગીતા ગુરુના મહત્ત્વને સમજાવનારો શ્રેષ્ઠ ગ્રંથ છે. એમાં અનેક રીતે ગુરુનું મહત્ત્વ સમજાવાયું છે. એક શ્લોકમાં ગુરુ શબ્દમાં આવેલ गु અને रु એ બે અક્ષરોનું તાત્પર્ય સમજાવી ગુરુનું મહત્ત્વ સમજાવ્યું છે.

गुकारश्चान्धकारो रुकारस्तेज उच्यते।
अज्ञानग्रासकं ब्रह्म गुरुरेव न संशयः ॥ (गुरुगीता–२३)

ગુરુ શબ્દમાં गु અક્ષરનો અર્થ અંધકાર છે. અને रु અક્ષરનો અર્થ તેજ(=અગ્નિ) છે. તેથી અગ્નિ જેમ અંધકારને ગળી જાય છે તેમ શિષ્યના અજ્ઞાનરૂપી અંધકારને ગળી જનાર અગ્નિરૂપી બ્રહ્મ તે ગુરુ જ છે, એમાં શંકા નથી.

આ બે અક્ષરોને બીજી રીતે પણ સમજાવાયા છે.

गुकारः प्रथमो वर्णो मायादिगुणभासकः।
रुकारो द्वितीयो ब्रह्म मायाभ्रान्तिविनाशनः ॥ (गुरुगीता–२४)

ગુરુ શબ્દમાં પ્રથમ અક્ષર गु છે. તેનો અર્થ ગુણ થાય છે. તેથી गु=માયા(=પ્રકૃતિ)ના સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોને વ્યક્ત કરનાર એવો થાય છે. બીજો અક્ષર रु એ અગ્નિ-સમાન બ્રહ્મ છે, જે માયાથી ઉત્પન્ન થયેલી જગતરૂપી ભ્રાન્તિને બાળીને તેનો નાશ કરે છે.

વળી એ બે અક્ષરોને ત્રીજી રીતે સમજાવતા ગુરુગીતા કહે છે—

गुकारं च गुणातीतं रुकारं रूपवर्जितम् ।
गुणातीतस्वरूपं च यो दद्यात् स गुरुः स्मृतः ॥ (ગુરુગીતા–૪૬)

गु અક્ષર બ્રહ્મના ગુણાતીત =નિર્ગુણ સ્વરૂપને સૂચવે છે. અને रु અક્ષર રૂપવર્જિત એટલે કે નિરાકાર સ્વરૂપ સૂચવે છે. આમ નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મરૂપ સગુણ–સાકાર ગુરુ પોતાના શિષ્યને પોતાનું નિર્ગુણ (નિરાકાર) સ્વરૂપ આપે છે. તેથી તે ગુરુ કહેવાય છે.

ગુરુસંહિતા તો ગુરુ શબ્દના ग् उ र् उ એ ચાર વર્ણોને છૂટા પાડી ગુરુ શબ્દનો અર્થ સમજાવે છે. આમાં उ गકાર અને રેફ઼ બંનેમાં આવતો હોવાથી વર્ણોની સંખ્યા ત્રણ છે.

गकारः सिद्धिदः प्रोक्तो रेफः पापस्य दाहकः ।
उकारो विष्णुरव्यक्तस्त्रितयात्मा गुरुः स्मृतः ॥

આ શ્લોક તંત્રશાસ્ત્રપર આધારિત છે. તંત્રશાસ્ત્રમાં એક અક્ષરવાળા મંત્રને બીજમંત્ર એવી સંજ્ઞા આપવામાં આવી છે. દા. ત. गं એ ગણપતિનું બીજ છે, वं વરુણનું અને द्रां એ દત્તાત્રેયનું બીજ છે. આમ ગુરુ શબ્દનો ग એ ગણપતિનો વાચક હોવાથી વિઘ્નો દૂર કરી સિદ્ધિ આપે છે. र એ અગ્નિનું બીજ હોવાથી પાપોને બાળી નાંખે છે. આ બંને વર્ણોમાં રહેલો સ્વર उ અવ્યક્ત વિષ્ણુભગવાનનો વાચક છે તેથી ગુરુ શબ્દ ગણેશ,



વહ્નિ અને વિષ્ણુ એમ ત્રિદેવતાત્મક હોવાથી તે શિષ્યને મંત્ર-સિદ્ધિ આપે છે, તેના પાપનો નાશ કરે છે અને અંતે વિષ્ણુસાથે સાયુજ્ય કરાવી આપે છે.

દત્ત સંપ્રદાયમાં દત્ત ભગવાનને બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એમ ત્રિદેવાત્મક માનવામાં આવ્યા છે. ગુરુગીતા પણ આવો જ ભાવ વ્યક્ત કરતાં કહે છે—

अ–त्रिनेत्रः सर्वसाक्षी अ–चतुर्बाहुरच्युतः ।
अ–चतुर्वदनो ब्रह्मा श्रीगुरुः कथितः प्रिये ! ॥

ભગવાન શંકર પાર્વતીને કહે છે, "હે પ્રિયે ! ત્રણ નેત્ર ન હોવા છતાં ગુરુ સર્વસાક્ષી શિવ સ્વરૂપ છે, ચતુર્ભુજ ન હોવા છતાં વિષ્ણુ છે અને ચતુર્મુખ ન હોવા છતાં બ્રહ્મા છે.

ગુરુ વિષેનો અતિપ્રચલિત શ્લોક દત્તાત્રેય ભગવાનના ત્રિમૂર્તિ સ્વરૂપનું વર્ણન કરે છે.

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु र्गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परं ब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥

ગુરુ બ્રહ્મા છે. ગુરુ વિષ્ણુ છે, ગુરુ મહાદેવ છે અને ગુરુ સાક્ષાત્ (નજરે જોઈ શકાય એવું) પરબ્રહ્મ છે તે શ્રીગુરુને નમસ્કાર.

ગુરુ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણ સ્વરૂપે સર્જન, પાલન અને સંહાર એવા ત્રણ કાર્યો શિષ્યના સંબંધમાં કરે છે, તેનું સુંદર કથન શ્રી ગુરુલીલામૃતમાં પૂજ્ય શ્રી રંગ અવધૂત નીચે પ્રમાણે કરે છે.

જીવભાવ નિવારીને કરે બ્રહ્મસ્વરૂપ,
તેથી સદ્‌ગુરુ જાણ તું, કલે ! વિરિંચિરૂપ.
અજ્ઞાનાદિક શિષ્યના કરી દૂર ક્ષણ માંહ્ય,
પાળે એ નિજ ભક્તને ગુરુ હરિશ્રુતિ ગાય.

ભવસંહારક શ્રીગુરુ તેથી શિવસ્વરૂપ,
એમ ત્રિમૂર્તિરૂપ એ શ્રીગુરુ એક અનુપ.

તંત્રશાસ્ત્રમાં ગુરુ શબ્દને શબ્દ માનવામાં આવતો નથી, તેને મંત્ર એવો ઉચ્ચ દરજ્જો આપવામાં આવે છે. ગુરુગીતામાં પણ કહ્યું છે કે,

मंत्रराजमिदं देवि ! गुरुरित्यक्षरद्वयम् ।
स्मृतिवेदार्थवाक्येन गुरुः साक्षात् परं पदम् ॥

હે પાર્વતી, ગુરુ એ બે અક્ષરનો બનેલો મંત્ર છે, (અને તે સામાન્ય મંત્ર નહિ પણ) મંત્રરાજ છે. સ્મૃતિ અને વેદોમાં ગુરુશબ્દનો આવો અર્થ કર્યો હોવાથી ગુરુ એ સાક્ષાત્ પરમધામ (પરબ્રહ્મ) છે.

પૂજ્ય રંગ અવધૂત મહારાજ પણ એનું જ સમર્થન કરે છે.

મંત્ર દ્વિવર્ણ ગુરુ નકી ચતુર્વર્ગ ફલપ્રદ,

(શ્રી ગુરુલીલામૃત ૩–૫)

બે અક્ષરનો મંત્ર એ તારે નિઃસંદેહ,
ભવબાધાહારક નકી મંત્રોત્તમ ગુરુ એહ.

(શ્રી ગુરુલીલામૃત ૧–૧૨)

તેથી ૐ ગુરુ ૐ ગુરુ એ રીતે આ મંત્રનો જપ કરનાર સંસારની પીડાથી મુક્ત થઇ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો મેળવી ભવસાગર તરી જશે એમાં સંશય નથી.

આ રીતે ગુરુ પરબ્રહ્મનું સ્વરૂપ હોવાથી તેમને નર એટલે મનુષ્ય સમજવા એ મોટામાં મોટી ભૂલ છે. જે નર ગુરુને નર સમજે છે તે નર નથી પણ ખર છે.



# શ્રીમાતાજી મીરાંદેવી

કમલ સુથાર

પૂજ્ય માતાજી મીરાંદેવી. વંદનીય વિભૂતિ. વિશ્વપ્રસિદ્ધ મહાદેવી. પૂર્ણયોગનાં અધિષ્ઠાત્રી માતાજી. ઈ. સ. ૧૮૭૮ માં ૨૮ મી ફેબ્રુઆરીના દિને પેરિસમાં તેમનો જન્મ થયો હતો. તેમનું નામ હતું મીરાં. અને અટક હતી અલ્ફાસા. (Alfassa) કેવો યોગ. નામ ભારતીય, અટક અરબી અને પાલન–પોષણ યુરોપ.

દૈવી શક્તિ તેમનામાં નાનપણથી જ સક્રિય હતી. સૌંદર્યવાન હતાં. બુદ્ધિમાન, ચતુર અને વિવેકી હતાં. સાથે સાથે ધીર ગંભીર પણ હતાં. તેમના દાદા ખૂબ ધનવાન હતા. સુખી–સંપન્ન હતા. તે ખૂબ ઉદાર દિલના સજ્જન હતા. મીરાંના પિતાજી મોરિસ અલ્ફાસા, ભલા સજ્જન હતા. તે એક બેંકમાં મોટા અધિકારી હતા. કડક સ્વભાવના અને શિસ્તના હિમાયતી હતા. તેમનામાં ઉમદા માનવીય ગુણો હતા. માતા માતિલ્ડા અલ્ફાસા ભલાં આસ્તિક સ્વભાવનાં સન્નારી હતાં. નાનપણથી જ માતાપિતાના ઉમદા સંસ્કારોનો વારસો મીરાંને મળ્યો હતો. નાનપણથી જ તે ખૂબ મહેનતુ હતાં. ખૂબ વાંચતાં, વિચારતાં, એકાગ્રતાથી અભ્યાસ કરતાં, ખૂભ ઓછું બોલતાં. માતાપિતા પણ તેમના ઉપર ખુશ રહેતાં.

પોતાનું જીવન કેળવવામાં તેમને રસ હતો. નવું નવું શીખવામાં, ભણવામાં તે તત્પર રહેતાં. ખૂબ પુરુષાર્થ કરતાં. વિવેકી પુરુષાર્થ. પોતાનું કામ કરતાં જાતને ભૂલી જવાનું એમને એમની માતાએ શીખવેલું. એકાગ્રતા એ સર્વ સિદ્ધિઓનું મૂળ છે એવું એમને લાગતું.

માનવીય સંવેદનશીલ હૃદય હતું તેમનું. બીજાનું દુ:ખ જોઇ દ્રવી ઊઠતાં. દયા, કરુણા, મૈત્રી, સહૃદયતા, ઉદારતા, સહાનુભૂતિ, સદ્‌ભાવ, ભગવદ્‌ભાવ એમનામાં નાનપણથી જ દૃષ્ટિગોચર થતો હતો.

નિર્દોષોને રંજાડે તે જ ડાયણ. તે જ આંધળા અસુર. બીજાનું દુ:ખ દૂર કરે, સહાય કરે તે દેવી તે જ દેવ, ભગવાન. માતાજીમાં નાનપણથી જ દૈવી ગુણો હતા.

તેમને નાનપણથી જ સહજધ્યાન લાગતું, ને દૈવી અનુભવો થતા. મસ્તક ઉપર દૈવી પ્રકાશ દેખાતો. હૃદયમાં એક ભાવ ઊઠતો કે તે કોઇ બીજી જ દુનિયાનો આત્મા છે. તે કોઇ મહાન કાર્ય કરવા માટે અહીંયાં અવતર્યાં છે. નિદ્રામાં તેમને અનેક દિવ્ય મહાપુરુષો—સંતો—મહાત્માઓનાં દર્શન થતાં. આ મહાત્માઓ તેમને નિદ્રામાં જ ગૂઢવિદ્યાનાં રહસ્યો સમજાવતા. એક વાર તેમને સપનામાં એક મહાપુરુષનાં દર્શન થયાં. તેમનું નામ તેમણે "શ્રીકૃષ્ણ" રાખેલું. તેમનું ચિત્ર પણ દોરેલું. ચિત્રકળાનો તેમને શોખ હતો. તેમાં તે નિષ્ણાત બન્યાં હતાં. ટેનિસ રમવાનો પણ શોખ હતો. શરીર મજબૂત, દિલ ઉદાર, ને મગજ ગ્રંથિવગરનું ખુલ્લું, સ્વચ્છ, ગૂઢ શક્તિથી સભર.

તેમનામાં ગૂઢશક્તિ સક્રિય હતી. ગૂઢવિદ્યામાં એમને રસ પણ હતો. પ્રબળ જિજ્ઞાસાવૃત્તિ હતી. ધગશ, તીક્ષ્ણબુદ્ધિ હતી. ગૂઢ વિદ્યા શીખવા તે અલ્જિરીયા ગયાં. ત્યાં તેઓ ગૂઢવિદ્યાના નિષ્ણાત થેંઓને મળ્યાં. તેમનાં પત્ની પણ આ વિદ્યાનાં જાણકાર હતાં. તેમની પાસેથી તેમણે વિવેકપૂર્વક ગૂઢવિદ્યાનું જ્ઞાન મેળવ્યું. કુશળ—સિદ્ધ બન્યાં.



એકવાર તે જહાજમાં મુસાફરી કરતાં હતાં. સાથે તેમના આદરણીય ગુરુ થેંઓ પણ હતા. અચાનક દરિયાઇ તોફાન ઉદ્‌ભવ્યું. યાત્રીઓના જીવ તાળવે ચોંટયા કેમ કે વહાણ ડૂબવા લાગ્યું. પણ માતાજીએ ગૂઢવિદ્યાનો પ્રયોગ કર્યો ને ડૂબતા વહાણને બચાવ્યું. અનેક યાત્રીઓના જીવ બચાવ્યા. એમના ગુરુએ તેમને ધન્યવાદ આપ્યા.

બીજાને બચાવે તે જ મહાદેવી, બીજાને હણવા કરડવા દોડે એ જ ઝેરી પૂતના.

મીરાં સૌનાં પ્રિય મહાદેવી હતાં.

ઉમ્મરલાયક થતાં તેમણે પોલ—રિશાર સાથે લગ્ન કર્યું. તેમના પતિ સજ્જન સરકારી અધિકારી હતા. સાથે સાથે તે પણ અધ્યાત્મવાદી હતા. માતાજી સાથે તેમનો સુમેળ થયો. એકવાર તે સરકારી કામ અંગે ભારતમાં આવ્યા. પોંડિચેરીમાં તે મહર્ષિ અરવિંદને મળ્યા. માતાજીએ તેમને એક "કમળ પ્રતીક" આપેલું, અને જે મહાપુરુષ આનો ગૂઢાર્થ કહેશે તે જ તેમના સપનામાંના—"શ્રીકૃષ્ણ" હશે. મહર્ષિ અરવિંદે આ પ્રતીકનો અર્થ બતાવ્યો, "આ કમલ પરમ ચેતનાથી પ્રફુલ્લિત થતા આત્માનું પ્રતીક છે." આછા ગુલાબી રંગનું કમલ મહર્ષિ અરવિંદનું પ્રતીક છે.

તે પોતાના દેશમાં પાછા ફર્યા. મીરાંને પેલો અર્થ કહ્યો અને મીરાં આનંદાતિરેકમાં નાચી ઊઠી. માતાજીને ખાત્રી થઇ ગઇ કે મહાયોગી અરવિંદ જ તેમના ગુરુ છે. તે જ તેમના શ્રીકૃષ્ણ છે અને મીરાં શ્રીકૃષ્ણને મળવા વ્યાકુળ બની ગઇ.

ઇ. સ. ૧૯૧૪ માં તે પતિ સાથે ભારતમાં આવ્યાં. તે માર્ચની ૨૯ મી તારીખે પોંડિચેરીમાં પોતાના શ્રીકૃષ્ણને મળ્યાં. ને

આનંદાવિભોર બની બોલી ઊઠયાં : "આજ છે મારા દિવ્ય ગુરુ. આજ છે મારા શ્રીકૃષ્ણ." તેમણે ભક્તિભાવથી શ્રીકૃષ્ણના પવિત્ર ચરણોમાં વંદન કર્યાં. તે ધન્ય બન્યાં. મૌન બન્યાં. આ બાબત અંગે માતાજીએ પોતાની નોંધપોથીમાં લખેલું છે : "દુનિયામાં ભલે હજારો લોકો ઘેરા અંધકારમાં ડૂબેલા હોય એની ચિંતા નથી. પણ ગઇ કાલે અમને જેનું દર્શન થયું છે તે પૃથ્વી ઉપર છે. એમની હાજરી જ એ વસ્તુને સિદ્ધ કરવા માટે પૂરતી છે કે એક દિવસ એવો આવવાનો છે કે જ્યારે ગાઢમાં ગાઢ અંધકાર પણ પ્રકાશમાં બદલાઇ જશે."

મહર્ષિ અરવિંદ અને માતાજીનું દિવ્ય મિલન હતું. તે પતિ સાથે પોંડિચેરીમાં શ્રી અરવિંદ આશ્રમમાં થોડો સમય રહ્યાં. ને "આર્ય"નામનું માસિક પણ શરૂ કર્યું. પણ આજ અરસામાં પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું ને તે ભારત છોડી પતિ સાથે સ્વદેશ ગયાં.

તે જાપાન ગયાં. અહીંયાં પાંચ વર્ષ ગાળ્યાં. ફરી પાછો ભારત આવવાનો યોગ થયો. ઇ. સ. ૧૯૨૦ ની એપ્રિલની ૨૪ મી તારીખે તે ભારતમાં પોંડિચેરીમાં અરવિંદ આશ્રમમાં આવ્યાં. ને સદાયને માટે મહર્ષિ અરવિંદના સાન્નિધ્યમાં રહ્યાં. પૂર્ણયોગનાં તે સહભાગી બન્યાં. મહર્ષિ અરવિંદે તેમને પૂર્ણયોગનાં અધિષ્ઠાત્રી પદે સ્થાપ્યાં. ને અરવિંદ આશ્રમનો કાર્યભાર તેમને સોંપ્યો.

સાધકોને માતાજીનું દિવ્ય સાન્નિધ્ય મળ્યું. મહાયોગી શ્રી અરવિંદનું સ્વપ્ન સાકાર થવા લાગ્યું. ઇ. સ. ૧૯૫૬ માં ફેબ્રુઆરીની ૨૯ મી તારીખે શ્રી માતાજીએ અતિ મનસતત્ત્વને પૃથ્વી ઉપર ઉતાર્યું. ને કાયમ માટે પૃથ્વી ઉપર જડી દીધું. અને માતાજીએ આ બાબતે જાહેર કર્યું : "પ્રભુ આપે સંકલ્પ કર્યો છે



અને હું તેને સાકાર કરું છું. પૃથ્વી ઉપર એક નવીન પ્રકાશ પ્રગટી રહ્યો છે. એક નવીન જગત જન્મ પામ્યું છે. જે જે વસ્તુઓનાં વચન આપ્યાં છે તે બધી સિદ્ધ બની છે."

શ્રી અરવિંદ પણ કહેતા : "શ્રી માતાજીએ દેહમાં આવવું એ પૃથ્વી માટેની એક મોટી તક છે. એમના અહીં આવવાને લીધે પૃથ્વીની ચેતના પોતાની અંદર અતિ મનસને ઝીલી શકશે."

પછી તો આશ્રમમાં સૌ સાધકોનાં તે પૂજનીય માતાજી બન્યાં. તે દરેકનું ધ્યાન રાખતાં. આસુરી તત્ત્વોનો સંહાર કરી સાધકોનું રક્ષણ કરતાં. આશ્રમનો ખૂબ કુશળતાથી વહિવટ કરતાં. તેમણે આશ્રમને કલાત્મક રૂપ આપ્યું. દરેક કાર્ય ચોક્સાઇથી, નિષ્ઠાથી, વ્યવસ્થિત રીતે કરવાનું માતાજીએ શીખવ્યું. દરેક કાર્ય પ્રભુનું કાર્ય, આશ્રમ, ઓરોવિલ. માતૃમંદિર સાધકોના જીવન ઘડતર અને પરમ સાક્ષાત્કાર માટેની પ્રયોગશાળાઓ છે. પૂર્ણયોગની પ્રયોગસ્થલીઓ છે. વિશ્વના સાધકો માટે તેનાં દ્વાર ખુલ્લાં છે. માતાજી અને શ્રી અરવિંદની દિવ્યચેતના તેમના માટે સક્રિય છે. શ્રી માતાજી કહેતાં : "શ્રી અરવિંદ વિના મારું કોઇ અસ્તિત્વ નથી. અને મારા વિના એમનો કોઇ આવિર્ભાવ નથી."

ઇ. સ. ૧૯૭૩ માં નવેમ્બર મહિનાની ૧૭ મી તારીખે પરમ વંદનીય શ્રી માતાજી મીરાંદેવીએ પોતાનો ભૌતિક દેહ છોડયો. તેને શ્રી અરવિંદની સમાધિમાં જ સમાધિસ્થ કરવામાં આવ્યો. સૂક્ષ્મ દેહે શ્રી માતાજીની પરમ ચેતના આજે પણ ખૂબ સક્રિય બની કામ કરતી રહે છે.

# શ્રીગંગાલહરી–(૨)

સંસ્કૃતમાં : પંડિત જગન્નાથ
[મે, ૯૭ ના અંકથી આગળ] ભાવાનુવાદ : પરમાર્થી

૧૭

સંતમ જેનું મન પાપકર્મથી
તે શોધી લે તીર્થતણો સહારો!
પ્રાયશ્ચિતોથી દૂર કિન્તુ ભાગે
ના હોય તેને કદી ક્યાંય આરો!
પામે સમુદ્ધાર સદૈવ સુખે
તેવા જનો મા મૃદુ તારી કૂખે!

૧૮

ધર્મોતણું પાવન ધામ તારું
શ્રી અંગ આનંદમયી મહાન!
ત્રિલોકનું છે શુચિ દિવ્ય વસ્ત્ર,
પવિત્ર તીર્થોમહીં તું પ્રધાન!
સંદેહ સર્વે મટતા વિકારો,
સંતાપ માડી અમ સૌ નિવારો!

૧૯

હું ભ્રાન્ત માડી મદિરામદે હતો
તેથી વિયોગે તવ દુઃખ મેં સહ્યા!
ઘણું કરી ગૈ જડબુદ્ધિ મારી
મને સ્વયંને નુકસાન મિથ્યા!
વિશ્રામિ મારી અવ ના થજો કદી
વિયોગ થોડી ક્ષણનો ય માડી!



૨૦

વાયુ ઝપાટે ઊઠતા તરંગે
પરાગ પદ્મેથી ઝરતો રહ્યો મા!
દેવાંગનાના સ્તનમંડલેથી
ધોવાઈ વા કેસરચંદને મા!
વેગે વહે કેસરિયા વીચિઓ
તોડો અમારી ભવશૃંખલાઓ!

૨૧

પ્રાગટ્ય તારું પ્રભુના નખેથી
ને વાસ છે કામજયી જટામાં!
ઉદ્ધારવા સંતત દીનહીનને
રહ્યા તમે છો વ્યસની ત્રિલોકમાં!
ઉત્કર્ષ ઇચ્છે સહુનો સદાજે
તેને દીધું સ્થાન ઊંચું સમાજે!

૨૨

ઊંચા ઊંચા શૃંગથી નિત્ય વ્હેતી
ઘણી નદીઓ પણ કોણ પામી
નિવાસ રે શંકરની જટામાં?
સુધન્ય ધોવા થયું કોણ કામી
રે ભાગ્યશાળી પ્રભુનાં પદોયે?
જેથી કરે કો કવિ તુલનાયે?

૨૩

છો શેષશય્યા મહીં વિષ્ણુ પોઢે,
સમાધિમાં છો સ્થિર થાય બ્રહ્મા!
ને શંભુ છો તાંડવમગ્ન રે'તા!
સાક્ષાત્ જીવંત તમે અમારાં,

મનોરથો પૂર્ણ સદા કરો છો!
ચિંતા પછી દેવ કરે વૃથા છો!

૨૪

સ્નેહાર્દ્ર છો આપ અનાથ છું હું
અધોગતિથી મુજને ઉગારો!
છે વૈદ્ય તું મા ભવરોગી હું છું
તૃષ્ણા થકી વ્યાકુળ દોષ મારો!
સુયોગ્ય લાગે ત્યમ મા કૃપા કરો!
હું બાળ આવ્યો શરણે તમારો!

૨૫

કથાતણો મંગલ છે પ્રભાવ
વર્તાય આવે યમના પ્રદેશે!
શમી ગયો નારકી આર્તનાદ,
ફાંફા જીવો મેળવવા પડે છે!
તારી કૃપાથી ગલીએ ગલીમાં
સ્વર્ગે વિમાનો ઘૂમતા ફરે મા!

૨૬

રે કામક્રોધે પ્રગટેલ જ્વાળા
જાણે જલાવે શરીરો અમારા
એ તાવની તીવ્ર અસહ્ય વેદના
શમાવવાને તું ઉરાડ ફુવારા!
રે દિવ્ય તારા શીતશીકરોથી
પ્રશાંત મા તું કરી દે વ્યથાથી!

૨૭

બ્રહ્માંડ તો તિન્દુક દિવ્યવૃક્ષ
કેવું દિસે લૂમથકી લચેલું!



ઘેરાયલું મા તવ વીચિ વચ્ચે
જાણે હિલોળા દિનરાત લેતું!
મા દિવ્યતા અંકિત ઓઘ તારો!
શમાવ સંતાપ બધા વિકારો!

૨૮

કરે અવજ્ઞા સહુ દેવદેવો
ઉદ્ધારવા જે જીવને કદીક
અનુભવે તીર્થ સમસ્ત લજ્જા!
રે ખંચકાયા વિણ તું જરીક
ઉદ્ધારતી સંતત સ્નેહધારે
ઉદ્ધારકોનો મદ તું ઉતારે!

૨૯

અસંખ્ય પ્રાયશ્ચિતથી ય શુદ્ધિ
અશક્ય લાગી મુજ સંગ છોડયો
એવો નિરાળો જનની હું પાપી!
છતાં ય ઝાલી મમતાથી રાખ્યો
ઉદ્ધારવા તેં જનની સ્વભાવ!
સમર્થ ના હું યશગાન ગાઉં!

૩૦

મહાન પાપી જનનો, જનેતા
ઉદ્ધાર વિશે કરીને ચકિત
સૌને અહીં તું કરવા ચહે તો
આવ્યો હું તારે શરણે પતિત!
પ્રસંગ આવ્યો તક સાધી લે તું
પ્રસન્ન થૈ પાવન દે કરી તું!

૩૧

મિથ્યા પ્રશંસા નૃપની કરી કરી
વાણી બગાડી અવળી રીતોએ!
કુતર્કના નિત્ય અભ્યાસથી મેં
અશાંત કીધું મનને સદાયે!
નિહાળતા દુર્ગુણ કોણ સ્થાપે
સંબંધ, તારા વિણ સ્નેહ આપે?

૩૨

નેત્રો નકામા, નિરખે નહીં જો
આનંદકારી રમણીય તારી
રે દિવ્યમૂર્તિ શુભતત્ત્વયુક્ત!
ધિક્કાર હો બે શ્રવણો વિકારી
જો સાંભળે ના મધુ નાદ તારો
સ્વર્ગીય નિત્યે સુખ અર્પનારો!

૩૩

સૌ પુણ્યશાળી જીવ સ્વર્ગમાંહે
બેસી વિમાને નિજ મોજ માણે!
પાપી સદા તો નરકે સિધાવે
તારો કદી તે મહિમા ન જાણે!
જ્યાં તું નથી ત્યાં નિત ભેદકેરા
દુઃખો સહે જીવ ઘણા અનેરા!

(ક્રમશઃ)



## * ક્યાં લગી? *

ક્યાં લગી ગાફિલ રે'શો, હો મનવા!
ક્યાં લગી ગાફિલ રે'શો?
વ્હેતા જલમાં વ્હેશો, હો મનવા!
ગાફિલ ક્યાં લગી રે'શો?
માનવ-દેહ શકે પારસમણિ,
કૈંક પુણ્યના યોગે,
વિભુ-વિમુખ-વ્યવહારે ડૂબ્યો
અંધ શું પાર્થિવ-ભોગે?
અંત સમે અવલંબન ઈશનું
શા અનુગ્રહથી લેશો? હો મનવા!
બ્રહ્માંડે ચૈતન્ય પૃથ્વીમાં,
સંવિદ્ માનવ-પ્રાણે;
અમૃત-સૂતનું 'બ્રહ્મ' સનાતન,
સચરાચરમાં નાણે;
કોડી કાજે કુંદન ખોવું?
કાળને કથની કેશો? હો મનવા!
અવસર આવો ફરી ન આવે,
જનમ-મરણ જાવે;
દેહ-દેહીના મુક્તિ-યોગે
જીવન સફલ થાવે;
કાળ-યાળ ગ્રહી ન શક્યા તો
ચોર્યાશી ભવ સ્હેશો. હો મનવા!
માનવ-દેહ મળ્યો સંજીવની
વ્હેતા જલમાં વ્હેશો?
ક્યાં લગી ગાફિલ રે'શો હો મનવા!
ગાફિલ ક્યાં લગી રે'શો? હો મનવા!

— ડૉ. રણજિત પટેલ (અનામી)

### સુવાક્ય

યોગની સાધનાની મદદથી ઈશ્વરના સાકાર દર્શનની ઇચ્છા જરૂર પૂરી થઇ શકે, પરંતુ શરત એટલી જ છે કે તેને માટે ભક્તનું હૃદય હોવું જોઇએ, અથવા તો ભક્તિયોગનો આધાર લેવો જોઇએ. ઈશ્વરનું સાકાર દર્શન જાગૃતિમાં તથા સમાધિદશામાં બંને પ્રકાર થઇ શકે છે. કિન્તુ યોગની સાધનાથી ખાસ કરીને સમાધિ દશામાં જ એવું દર્શન થઇ શકે.

યોગેશ્વરજી


સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

**ડો. હિમાંશુ પાઠક,**
**શ્રી હેમીના પાઠક.**

**"નિરાંત"**
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩




પોલ બ્રન્ટનની ભગવાન રમણ મહર્ષિની સાથે

# મુલાકાતની પૂર્વભૂમિકા–(૪)


મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદક : યોગેશ્વર


એ મારી તરફ સહાનુભુતિપૂર્વક જોઇ રહ્યા. એમના દાઢીવાળા વદન પર છવાયેલી દૈવી શાંતિની મને અદેખાઇ આવી. શું મારા હૃદયને ભયભીત કરી દેનારા ભયંકર વાવાઝોડાનો અનુભવ એમને નથી થયો? મેં લાગણીવશ થઇ એમને પૂછી નાંખ્યું :

'મને નિરાશા મળે તો મદદ માટે હું તમારી પાસે આવી શકું?'

શંકરાચાર્યે ધીમેથી માથું ધુણાવ્યું.

'હું એક જાહેર સંસ્થાનો ઉપરી છું. મારો વખત મારે માટે નથી હોતો. મારી પ્રવૃત્તિ મારા સમગ્ર સમયનો ભોગ માગી લે છે. વરસો સુધી મેં રાતે ફક્ત ત્રણ જ કલાક નિદ્રા લીધી છે. મારાથી વ્યક્તિગત શિષ્યો કેવી રીતે કરી શકાય? પોતાના શિષ્યોની પાછળ પોતાનો સમગ્ર સમય લગાડી શકે એવા ગુરુની શોધ તમારે કરી લેવી જોઇએ.'

'પરંતુ મને કહેવામાં આવ્યું છે કે સાચા ગુરુ દુર્લભ કે વિરલ છે. અને એક અંગ્રેજને એ ભાગ્યે જ મળી શકે.'

મારા કથન સાથે એ સંમત થયા, પરંતુ વધુમાં બોલ્યા :

'સત્યનું અસ્તિત્વ છે. એનું દર્શન થઇ શકે છે.'

'તમારી માહિતી પ્રમાણે ઊંચી જાતના યોગનો પુરાવો આપી

શકવા શક્તિમાન હોય એવા ગુરુ પાસે જવાનું તમે મને ન કહી શકો?'

શંકરાચાર્યે થોડા વખતની શાંતિ પછી પ્રત્યુત્તર આપ્યો : 'હા. તમારી ઇચ્છા સંતોષી શકે એવા ભારતના બે મહાપુરુષોની મને માહિતી છે. એમાંના એક તો બનારસમાં વિશાળ મેદાનમાં ઢંકાયેલા એક મોટા મકાનમાં વાસ કરે છે. બહુ જ ઓછા માણસોને એમને મળવાની મંજૂરી મળી શકે છે. હજુ સુધી કોઇ અંગ્રેજ એમના એકાંતવાસમાં ભંગ નથી પાડી શક્યો. હું તમને એમની પાસે મોકલું, પરંતુ મને ભય છે કે એક અંગ્રેજને પોતાના મકાનમાં પ્રવેશ કરવાની એ ના પાડશે.'

'અને બીજા મહાપુરુષ?' મારી રસવૃત્તિમાં વધારો થયો.

'બીજા મહાપુરુષ દક્ષિણમાં દૂર દૂર નિવાસ કરે છે. મેં એક વાર એમની મુલાકાત લીધી છે અને એ એક ઉત્તમ કોટિના સંતપુરુષ છે તેની મને ખાતરી છે. તેમને મળવા માટે હું તમને ભલામણ કરું છું.'

'એમનું નામ?'

'એ મહર્ષિ કહેવાય છે. એ ઉત્તમ આર્કોટના પ્રદેશમાં આવેલા અરુણાચલ પર્વત પર વાસ કરે છે. તમે એમને શોધી શકો તે માટે તમને પૂરેપૂરી માહિતી પૂરી પાડું?'

મારી મનની આંખ આગળ એકાએક એક ચિત્ર આવીને ઊભું રહ્યું.

પોતાના ગુરુ પાસે જવા માટે મને વ્યર્થ સમજાવનારા પેલા પીળા ઝભ્ભાવાળા સાધુપુરુષ મારી સામે ઊભા રહ્યા. એ કોઇ પર્વતમાળાનું નામ ગણગણવા લાગ્યા : 'અરુણાચલ.'



'તમારો ઘણો ઘણો આભાર માનું છું, સ્વામીજી!' મેં કહેવા માંડયું : 'પણ મને એ જ સ્થળમાંથી આવનાર એક ભોમિયો મળ્યો છે.'

'તો પછી તમે ત્યાં જવાના છો?'

હું અચકાયો.

'આવતી કાલે દક્ષિણમાંથી વિદાય થવાની બધી જ તૈયારી મેં પૂરી કરી છે.' મેં અનિશ્ચિત રીતે બડબડાટ કર્યો.

'એ બાબત મારી એક વિનંતિ છે.'

'શી?'

'મહર્ષિને મળ્યા પહેલાં તમે દક્ષિણ ભારત નહિ છોડો એવું વચન આપો.'

એમની આંખ મને મદદરૂપ થવાની નિખાલસ ભાવનાથી ભરી હતી, તે હું જોઇ શક્યો. મેં વચન આપ્યું.

એમના વદન પર માયાળુ સ્મિત ફરી વળ્યું.

'નિરાશ ન થતા. તમે જેને શોધો છો તે તમને જરૂર મળશે.'

શેરીમાં એકઠા થયેલા ટોળાનો ગણગણાટ ઘરમાં ફરી વળ્યો.

'મેં તમારો ઘણો કીમતી વખત લઇ લીધો.' મેં એમની ક્ષમા માગી : 'એને માટે હું ખરેખર દિલગીર છું.'

શંકરાચાર્યની ગંભીર મુખાકૃતિ જરા હળવી બની. એ બહાર-ના ઓરડા સુધી મારી સાથે આવ્યા ને મારા સાથીદારના કાનમાં કાંઇક કહેવા માંડયા. એમના વાક્યમાં હું મારું નામ સાંભળી શક્યો.

દ્વાર પાસે પહોંચીને છેલ્લા પ્રણામ કરવા હું પાછો વળ્યો.

શંકરાચાર્યે મને વિદાયનો સંદેશો આપવા પાછો બોલાવ્યો :

'તમે મને સદા યાદ કરજો, અને હું પણ તમને સદા યાદ રાખીશ.'

એ આશ્ચર્યકારક સાંકેતિક શબ્દો સાંભળીને, બાળપણથી જેમણે પોતાનું સમગ્ર જીવન ઈશ્વરને અર્પણ કર્યું હતું એવા એ રસમય મહાપુરુષની મેં અનિચ્છાએ વિદાય લીધી. એ એક એવા ધર્મગુરુ હતા જે સર્વસ્વનો ત્યાગ કરીને સંપૂર્ણપણે નિવૃત્ત થયા હોવાથી, દુન્યવી સત્તાની પરવા નહોતા કરતા. જે કાંઇ ભૌતિક પદાર્થો એમને અર્પણ કરવામાં આવતા, તે બધા પદાર્થો એમની આવશ્યકતાવાળા લોકોને એ તરત જ આપી દેતા. એમનું સુંદર અને નમ્ર વ્યક્તિત્વ મારા સ્મૃતિપટ પર ખરેખર રમતું રહેશે.

ચીંગલપટની કળાત્મક, જૂના જમાનાની સુંદરતાની ઝાંખી કરતાં મેં સાંજ સુધી એમાં ફર્યા કર્યું, અને પછી ઘેર પાછા ફરતાં પહેલાં શંકરાચાર્યનું અંતિમ દર્શન પણ કરી લીધું.

એ શહેરના સૌથી મોટા મંદિરમાં મળી શક્યા. અત્યંત નમ્ર, પાતળા, ભગવા ઝભ્ભાવાળા એ મહાપુરુષ સ્ત્રીપુરુષ તથા બાળકો-ના વિશાળ સમૂહને સંબોધી રહ્યા હતા. એ મોટા જનસમૂહમાં પૂરેપૂરી શાંતિ છવાયેલી હતી. એમની ભાષા હું સમજી ન શક્યો, પરંતુ એટલું તો સમજી શક્યો કે બુદ્ધિશાળી બ્રાહ્મણોથી માંડીને અભણ ખેડૂતો સુધીના જે સૌ ત્યાં એકઠા થયા હતા તે બધાનું ઊંડું ધ્યાન એ ખેંચી રહ્યા હતા. મને બરાબર સમજ તો ન પડી; પરંતુ એટલું અનુમાન તો હું જરૂર કરી શક્યો કે ગહનમાં ગહન વિષયો પર પણ એ અત્યંત સરળ રીતે બોલતા હતા. એ એમની લાક્ષણિકતા હતી.



એમના ઉદાત્ત આત્માની કદર કરવા છતાં, એમના અસંખ્ય શ્રોતાઓની એમનામાંની સહજ શ્રદ્ધા જોઇને મને ઈર્ષા થઇ આવી. એમના જીવનમાં શંકાનાં વમળો ઊઠતાં નહોતાં. ઈશ્વર છે એવી માન્યતામાં જ એમની બધી વાતો સમાઇ જતી. એમને એ બાબતનું જ્ઞાન નહોતું કે જ્યારે જગત જંગલના ઘર્ષણ જેવું ભયંકર લાગે છે, ઈશ્વરનું અસ્તિત્વ પણ શૂન્યવત્ બની જાય છે, અને વિશાળ વિશ્વના દુનિયાને નામે ઓળખાતા આ નાનકડા ક્ષણભંગુર ટૂકડા પર માણસનું પોતાનું અસ્તિત્વ પણ એક સાધારણ ફકરાથી વધારે કશું જ નથી લાગતું, ત્યારે આત્માની અંધારી રાત્રીઓમાંથી પસાર થવાનો અર્થ શો થાય છે.

મોટરમાં બેસીને અમે તારા મઢ્યા વાદળી આકાશની નીચેથી પસાર થતા ચીંગલપટથી બહાર નીકળ્યા. એકાએક વાતા વાયુને લીધે પાણીની સપાટિ પર હાલતી તાડવૃક્ષોની ડાળીઓનો સ્વર હું સાંભળી શક્યો.

એટલામાં તો મારા સાથીદારે શાંતિનો ભંગ કર્યો.

'તમે સાચેસાચ સદ્ભાગી છો!'

'કેમ?'

'કારણ કે શંકરાચાર્યે એક અંગ્રેજ લેખકને આપેલી આ પહેલી જ મુલાકાત હતી.'

'એમ?'

'એથી તમને એમનો આશીર્વાદ મળ્યો!'

* * *

ઘેર આવ્યો ત્યારે લગભગ મધ્યરાત્રીનો વખત થઇ ગયેલો. મેં મારા માથા ઉપર છેલ્લી નજર નાંખી. વ્યોમના વિશાળ ઘુમ્મટ-

માં તારાઓ અસંખ્યની સંખ્યામાં જડાઇ ગયેલા. યુરોપમાં ક્યાંય પણ એમનું દર્શન આટલા બધા પુષ્કળ પ્રમાણમાં નથી થતું. પગથિયાં પરથી દોડીને હું ઓસરીમાં ગયો, ને મારી બેટરી ધરીને ઊભો રહ્યો.

અંધકારમાંથી એક નીચી નમેલી આકૃતિએ ઊઠીને મારું સ્વાગત કર્યું.

હું આશ્ચર્યચકિત બનીને બોલી ઊઠયો : 'સુબ્રમણ્ય! અહીં શું કરો છો?' ભગવા ઝભ્ભાવાળા યોગીએ અટ્ટહાસ્ય કર્યું.

'મેં તમને મળવાનં વચન નહોતું આપ્યું?' એમણે ઠપકો દેતા હોય તેમ યાદ દેવડાવ્યું.

'બરાબર.'

વિશાળ ઓરડામાં આવીને મેં પૂછી નાંખ્યું :

'તમારા ગુરુ મહર્ષિ કહેવાય છે કે?'

હવે એ અચરજ પામ્યા.

'તમે કેવી રીતે જાણો? તમને તેની ખબર કેવી રીતે પડી?'

'એ વાત જવા દો. કાલે આપણે બંને એમને ત્યાં જવા માટે પ્રસ્થાન કરીશું. હું મારો કાર્યક્રમ બદલી નાંખીશ.'

'આ સમાચાર અત્યંત આનંદદાયક છે.'

'પરંતુ હું ત્યાં લાબો વખત નહિ રહી શકું. થોડા દિવસ જ રહી શકીશ.'

પછીના બીજા અડધા કલાક દરમિયાન મેં એમને કેટલાક બીજા પ્રશ્નો પૂછ્યા, અને પછી ખૂબ થાકેલો હોવાથી હું સૂવા ગયો. જમીન પર પડેલી તાડપત્રની ચટાઇ પર સૂઇને સુબ્રમણ્યે



સંતોષ માન્યો. ગાદી, ચાદર તથા કામળી તરીકે કામ આવતા જાડા સુતરાઉ કપડાથી એમણે પોતાના શરીરને ઢાંકી દીધું, ને વધારે આરામદાયક બિછાના માટેની મારી દરખાસ્ત એમણે નકારી કાઢી.

એ પછીની જે ઘટનાની મને સ્મૃતિ છે તે એ કે મારી આંખ એકાએક ઊઘડી ગઇ. ઓરડામાં એકદમ અંધારું હતું. મારા જ્ઞાનતંતુ તંગ બની ગયા. મારી આજુબાજુનું વાતાવરણ વીજળી અસરવાળી હવાથી ભરપૂર થઇ રહ્યું. ઓશીકા નીચેથી ઘડિયાળ કાઢીને એના રેડિયમથી પ્રકાશિત શરીર તરફ જોયું તો સવારના પોણા ત્રણ વાગ્યા હતા. એ જ વખતે મારી પથારી પાસે મને કોઇ તેજસ્વી પદાર્થ દેખાયો. મેં તરત જ બેઠા થઇને એની તરફ જોવા માંડયું.

મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે એ વદન અને સ્વરૂપ શંકરાચાર્યનું હતું. એ કોઇ પણ જાતની શંકા વગર સ્પષ્ટ રીતે જોઇ શકાયું. એ કોઇ અવકાશમાં રહેતા પ્રેત જેવા નહોતા દેખાતા, પરંતુ નક્કર માનવ હતા. એમની આજુબાજુ રહસ્યમય પ્રકાશ પથરાયેલો હતો. જે એમને આસપાસના અંધકારથી અલગ પાડતો હતો.

આવું દર્શન ખરેખર અસંભવિત હોય? મેં એમને ચીંગલપટમાં નથી છોડયા? એ ઘટનાની ખાતરી કરવા મેં મારી આંખને જોરથી મીંચી દીધી. છતાં કશો ફરક ન પડયો, અને એ એટલા જ સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યા!

એટલું કહેવું પૂરતું થશે કે એમની હાજરી મને મિત્રતાભરી તથા માયાળુ લાગવા માંડી. મેં આંખ ખોલી ને ઢીલા ભગવા ઝભ્ભાવાળી એ આકૃતિને જોવા માંડી.

એમને ચહેરો બદલાયો, કારણ કે હોઠ હસીને કહેવા માંડયા:

'નમ્રતા ધારણ કરો ને જે શોધો છો તે તમને જરૂર મળશે.'

એક જીવતી જાગતી વ્યક્તિ મને સંબોધી રહી છે, એવી લાગણી મને શા માટે થઇ? મેં એને વધારે કાંઇ નહિ તો પ્રેત કેમ ન માની?

એ દર્શન જેવી રહસ્યમય રીતે થયું તેવી જ રહસ્યમય રીતે વિલીન થયું. એ અસામાન્ય પ્રકારના દર્શનથી મને સુખ મળ્યું, સ્વસ્થતાની પ્રાપ્તિ થઇ, અને ઉત્તમ અવસ્થાનો અનુભવ થયો. એક સ્વપ્ન માનીને એની ઉપેક્ષા કરું? એથી શો ફેર પડશે?

એ રાતે મને વધારે નિદ્રા ન આવી. દિવસ દરમિયાન થયેલા મેળાપ વિશે અને દક્ષિણ ભારતની સીધીસાદી જનતાના ઈશ્વરીય પ્રતિનિધિ જેવા કુંભકોનમ્‌ના શંકરાચાર્ય સાથેની યાદગાર મુલાકાત વિશે વિચારો કરતાં હું જાગતો જ પડી રહ્યો.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૬૬૮૨૩૧



# યોગસાધનાના પાયા

પ્રો. ડૉ. હરીશ વ્યાસ

યોગસાધનાના પાયા વિશે વિચારતાં, પ્રથમ તો 'યોગ' એટલે શું એ સમજી લેવું જરૂરી છે. 'ભગવદ્‌ગીતા'માં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને નિમિત્તે સમજાવે છે, **"समत्वम् योग: उच्यते।"** અર્થાત્ જીવનમાં, મન–હૃદયમાં, બુદ્ધિમાં સમતા એ જ યોગ છે. સ્વામી વિવેકાનંદના શબ્દોમાં, "Balance of life is yoga." જીવનમાં સમત્વ એ જ યોગ છે. યાદ આવે છે ત્રાજવાની દાંડી, જે લેશ ઊંચી યે નહિ અને નીચી યે નહિ. બલ્કે સમતાવાળી હોય. કફ, વાત અને પિત્તમાંથી મનુષ્યશરીર જો સમતા ગુમાવે, તો કોઇને કોઇ રોગ, વિકાર કે બીમારીનો ભોગ બને છે. બલ્કે આરોગ્ય, તંદુરસ્તી અને સ્વસ્થતા ગુમાવે છે. એમ જ શરીર, મન, બુદ્ધિ અને હૃદય સમત્વવાળા હોય, તો જ જીવનની સ્વસ્થતા જરૂર આવી મળે છે. વળી બીજા સ્થાને 'ગીતા'માં જ ભગવાન શ્રીકૃષ્ણે, 'યોગ' વિશે સરસ કહ્યું છે, **"योग: कर्मसु कौशलम्।"** અર્થાત્ જે તે સત્કર્મમાં કુશળતા પ્રગટાવવી એ જ યોગ છે. એલફેલ રીતે, બેફામ રીતે નહિ, પરંતુ કુશળતાપૂર્વક, વિચારપૂર્વક, જ્ઞાનપૂર્વક, વૈજ્ઞાનિક ઢબે અને સમજણપૂર્વકનું ઈશ્વરપ્રીત્યર્થે થતું ભક્તિયુક્ત કર્મ, યોગને પ્રગટાવે છે. જીવ અને શિવની, બલ્કે જીવાત્મા અને પરમાત્માની એકતા એ જ છે યોગ. વળી 'યોગ-સૂત્ર' ગ્રંથમાં મહર્ષિ પતંજલિએ સુંદર વ્યાખ્યા કરી છે યોગની, **"योग: चित्तवृत्ति निरोध:।"** અર્થાત્ ચિત્તની વૃત્તિઓનો સમજણ-

પૂર્વક નિરોધ કરવો એ જ છે યોગ. ચિત્ત તો અતિશય ચંચળ, ગતિશીલ, ભ્રમણશીલ અને કાર્યશીલ છે. એને લેશ દબાવવાનું, કચડવાનું કે હણવાનું નથી. એમ કરીશું તો એ જોરશોરથી ઊછળશે અને આપણને ફેંકી દેશે. જેથી તેને પ્રેમથી પટાવી, પંપાળી અને સમજાવીને (તેને) કાબૂમાં લેવાનું છે. ખરેખર તો વૃત્તિઓ, વિકારો અને વિચારોથી ચિત્ત ભરપેટ ભરેલું છે, એને શુદ્ધ, બુદ્ધ અને મુક્ત કરીશું, તો જ સત્ય, પ્રેમ, મૈત્રી, કરુણા વગેરેનું યથાર્થ દર્શન થશે, જેમાંથી આત્મદર્શન, પરમાત્મદર્શન. મોક્ષ, નિર્વાણ, મુક્તિ વગેરે જરૂર અનુભવાશે.

સ્વામી વિવેકાનંદે યોગસાધના માટે, સૌથી પ્રથમ પાયાની વસ્તુ માની છે, અભીપ્સા (Aspiration) ઊંચે ઊઠવાની તીવ્ર ઇચ્છા. એટલે જ તેઓ કહે છે, "Have faith that you are all my bravelads! born to do great things, in this world." અર્થાત્ હે મારાં બહાદુર બાળકો! હમેશાં એવો વિશ્વાસ રાખો કે તમે આ દુનિયામાં મહાન કાર્યો કરવા માટે જન્મ્યાં છો. એટલા માટે તેમના મતે, "Let us have high and intense aspiration for life." આપણી પાસે ઊંચે ઊઠવાની ઉત્કટ તમન્ના, અભીપ્સા હોવી જોઇએ. કારણ કે, તેમના જ મતે, "Conformity with nature is death while ascendance from nature is life." અર્થાત્ પ્રકૃતિ (સ્વભાવ)ને વશ થવામાં મૃત્યુ છે, અને સ્વભાવ (પ્રકૃતિ)થી ઊંચે ઊઠવામાં જ જીવન છે.

યોગસાધનાનો બીજો પાયો છે ધ્યાન (Meditation). વિશ્વચિંતક અને મહાન સાધક શ્રી જે. કૃષ્ણમૂર્તિ. ધ્યાન વિશે કહે છે, "Meditation is an observation and understanding of the self neutrally, consciously and explicitly" અર્થાત્ સ્વને તટસ્થતાપૂર્વક, જાગૃતિપૂર્વક અને વિશદતાથી અવલોકવું અને સમજવું તેનું જ નામ છે ધ્યાન. ક્ષણે ક્ષણે જીવનની એકેએક ઘટના, પ્રવૃત્તિ અને કાર્યને સજગતા અને તટસ્થતાથી જોવાથી, સમજવાથી, આપણામાં રહેલા રાગદ્વેષ, ઈર્ષા, અસૂયા, વેરઝેર, પૂર્વગ્રહો, ગ્રંથિઓ વગેરે ઉત્તરોત્તર ઓગળે છે અને ક્ષીણ થઇ જાય છે. જેથી ચિત્ત શુદ્ધ થાય છે. જેમાંથી સત્ય, પ્રેમ, મૈત્રી વગેરે સદ્‌ગુણોનું યથાર્થ દર્શન થાય છે.



મહર્ષિ અરવિંદના મતે, યોગસાધનાનો ત્રીજો પાયો છે, ઉન્મૂલન અને સંમિલન (Reduction and Assimilation). ચોમાસામાં, ડાંગરના ખેતરમાં, ડાંગરના છોડ સાથે જ અડબાઉ (નકામા) છોડ ઊગી નીકળે છે, જેને ખેડૂતો બિનજરૂરી અને બાધક ગણીને, ઊખેડી નાંખે છે અને જ્યાં ખાલી જગ્યા પડી ગઇ હોય છે. ત્યાં ડાંગરના ઉપયોગી છોડ રોપી દે છે. અને જરૂરી કેલ્શિયમ, ફોસ્ફેટનાં ખાતરોની પૂર્તિ કરે છે. બલ્કે યોગ-સાધનાના વિકાસમાં જે બિનજરૂરી, વ્યર્થ અને નિરૂપયોગી તત્ત્વો છે, તેમને દૂર કરવનાં છે, અને જે તત્ત્વો ખૂટે છે, તેમને સંમિલિત રૂપે, પૂર્તિ કરવાનાં છે. અને જીવનસાધનાને દૃઢ, મજબૂત અને સંપન્ન કરવાની છે. એટલા માટે મહાન સાધક શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળા 'જીવનશોધન' ગ્રંથમાં દુર્ગુણો, વિકારો, દોષો અને નબળાઇઓનું નિરાકરણ (નિવારણ) અને સદ્‌ગુણો, સબળાઇઓ તથા સુસંસ્કારોની પુષ્ટિ પર ભાર મૂકે છે.

વળી યોગસાધનાનો ચોથો પાયો છે સંકલ્પશક્તિ (Will Power). ઇંગ્લેન્ડના મહાકવિ શેક્ષપિયરે કાવ્યનાટક લખ્યું છે,

'હૅમલેટ.' જેમાં હૅમલેટને વીર, પરાક્રમી અને સાહસિક યોદ્ધા તરીકે કવિએ સરસ ચીતર્યો છે. પરંતુ જ્યારે બરાબર કટોકટીની ક્ષણ આવે છે, ત્યારે મહાકવિએ એની અનિશ્ચયાત્મકતાને આ શબ્દોથી દર્શાવી છે, "To do, or not to do, is a problem for me!" અર્થાત્ આ (સાહસ) કાર્ય કરવું કે ન કરવું એ મારા માટે એક સમસ્યા છે. આ અનિશ્ચિતતાની સ્થિતિમાં જ રાજા ક્લોડિયસના સૈનિકો આવી પહોંચે છે અને તેને પકડીને કેદ કરે છે. જેનાથી એનું સ્વપ્નું રોળાઈ જાય છે, અને તેનું સાહસ નિરર્થક થઈ જાય છે. એટલા માટે યોગસાધનામાં ભારોભાર મક્કમતા, અડગતા, ચોક્કસતા, અડીખમતા અને નિશ્ચલતા ખૂબ ખૂબ જરૂરી છે. આપણા ભક્ત કવિ શ્રી સ્વામી બ્રહ્માનંદે આ બાબતે કેવું સરસ ગાયું છે! "રે શિરસાટે નટવરને વરિયે, રે પહેલું તે મનમાં ત્રેવડિયે, રે હોડે હોડે જુદ્ધે નવ ચડિયે, રે ચડિયે તો કટકા થઈ પડીએ રે... શિરસાટે નટવરને વરિયે!" તો કવિ ધીરો ભગત પણ આ બાબતે કેવું સરસ ગાય છે તેય જુઓ, "હરિનો માર્ગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને!" યોગસાધના એ તો હરિનો મારગ છે, જે ખરેખર તો શૂરાનો જ રસ્તો છે. પૂજ્ય રવિશંકર મહારાજના શબ્દોમાં, "હૈસો હૈસો કરતા દોડશો નહિ, અંધ અનુકરણ કરશો નહિ, બલ્કે પૂરેપૂરો ત્રણવાર વિચાર કરીને, સમજણપૂર્વક મક્કમતાથી રટણ કરીને, નિશ્ચયાત્મક બનીને જ આગળ વધો. કારણ કે, નિશ્ચયાત્મકતા ખતરનાક છે." એટલે જ સ્વામી વિવેકાનંદ કહે છે, "ઊઠો, જાગો, અને સંપૂર્ણ ધ્યેય પ્રાપ્ત ન થાય, ત્યાંસુધી આપણે લેશ પાછા હટવાનું નથી જ નથી."

જરૂર યોગસાધનાનો પાંચમો પાયો છે તપશ્ચર્યા (Asceticism). એટલા માટે જ ઋગ્વેદનો મહાન ઋષિ ગાય છે, "ऋतं



च सत्यम् चाभिद्धात् तपसोऽध्यजायत।" જેનો પૂ. આચાર્યશ્રી ડોલરભાઈ માંકડે સુંદર અનુવાદ કર્યો છે, "તેજસ્વી તપથી જન્મ્યાં, ઋત ને સત્ય આ જગે." બલ્કે તેજસ્વી તપમાંથી જ ઋત્ (સૃષ્ટિના સનાતન નિયમો) અને સત્ય પ્રગટે છે. સંત વિનોબાજી તપની વ્યાખ્યા કરતાં, કહે છે, "સત્યને માટે સહન કરવું એનું જ નામ છે તપ." ગાંધીજી સાફ શબ્દોમાં કહે છે, "સત્ય એ જ ઈશ્વર છે અને ઈશ્વર એ જ સત્ય છે... વિચાર, વાણી અને વર્તનમાં સત્ય હશે, તો જ પરમેશ્વરનું દર્શન થશે." આ તપશ્ચર્યામય સાધનાનું મીરાંબાઈએ પણ કેવું સરસ વર્ણન એમના ભક્તિગીતમાં કર્યું છે! "જે દુઃખ થાય તે થાજો, રૂડા રામને ભજતાં...ઊંચો બાંધીને નીચે અગ્નિ પ્રજાળે, માર મૂશળ કેરા ખાજો... રૂડા રામને ભજતાં. જે દુઃખ થાય તે થાજો, રૂડા રામને ભજતાં!" યોગસાધનાનો માર્ગ એ તો હરિદર્શનનો જ માર્ગ છે, એ માર્ગે જે કષ્ટો, બાધાઓ, ત્રાસ અને યાતનાઓ આવે, તેમને પ્રેમપૂર્વક, હસતાં હસતાં, સહન કરવાની છે. જે હરિના માર્ગે જાય છે, તેની ભારોભાર કસોટી અને અગ્નિ-પરીક્ષાઓ થતી જ હોય છે, પણ જે એમાં અચલ, અડગ ને સહિષ્ણુ રહે છે, તે જ 'અવિચલ પદ'–પરમ તત્ત્વને પામે છે. એમાં કોઈ મીનમેખ નથી જ નથી.

આ ઉપરાંત, યોગસાધનાનો છઠ્ઠો પાયો છે, સમર્પણ (Dedication). 'ભગવદ્ગીતા'ના બારમા અધ્યાય–ભક્તિયોગમાં, ભગવાન શ્રીકૃષ્ણ, અર્જુનને મિષે આપણને સૌને કહે છે–

"मय्येव मन आधत्स्व, मयि बुद्धिम् निवेशय।
निवसिष्यसि मय्येव, अत ऊर्ध्वम् न संशयः॥"

અર્થાત્ હે અર્જુન, તારું હૃદય–મન મારામાં જ મૂકી દે, તારી બુદ્ધિને ય મારામાં મૂકી દે, અને જરૂર તું મારામાં જ નિવાસ કરીશ. જેનાથી તારી ઊર્ધ્વગતિ ચોક્કસ થશે જ, એ વિશે લેશ શંકા તું રાખીશ મા. અત્ર 'મારું–તારું' છોડીને, પરમાત્મામાં સમર્પિત થઇ જવાની વાત ભગવાને કરી છે. એટલે જ મહર્ષિ વ્યાસે ઇશચરણે સર્વસ્વનું સમર્પણ કરતાં કેવું સુંદર ગાયું છે! તે ધ્યાનાકર્ષક છેઃ–

"कायेन वाचा मनसेन्द्रियैर्वा, बुद्ध्यात्मना वा प्रकृतः स्वभावात् ।
करोमि यद् यद् सकलं परस्मै, नारायणायेति समर्पयामि ॥"

અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને કારણે, શરીર, વાણી, મન, ઇન્દ્રિયો, બુદ્ધિ અથવા આત્માથી હું જે જે કાંઇ કરું છું, તે તે બધું જ નારાયણ (પરમાત્મા)ને ચરણે સમર્પિત કરું છું.

વિશ્વના મહાન સાધક અને યોગી શ્રી રામકૃષ્ણ પરમહંસે આ બાબતે વિશદ રીતે કહ્યું છે, "જ્યાંસુધી બાળક (જીવાત્મા) (સત્તા, સંપત્તિ, પ્રતિષ્ઠારૂપી) રમકડાં રમવામાં વ્યસ્ત છે, ત્યાંસુધી 'માતા' આ બાળકની લેશ પરવા કરતી નથી. બલ્કે કપડાં ધોવાં, પાણી ભરવું વગેરે ગૃહકાર્યોમાં વ્યસ્ત રહે છે. પરંતુ જે ક્ષણે રમકડાં રમી રમીને બાળક થાકે છે, કંટાળે છે અને 'માતા'ને "મા–મા" કરીને સાદ દે છે કે તુર્ત જ પેલી કૂવે–તળાવે પાણી ભરવા કે કપડાં ધોવા ગયેલી વત્સલ માતા, બાળકના સાદને દૂરથી યે સાંભળે છે, અને ઘરે દોડતી દોડતી આવી પહોંચે છે. તેમ જ બાળકને ખોળામાં લઇને, ભરપેટ વાત્સલ્યથી છલકાવી મૂકે છે, એમ જ સત્તા, સંપત્તિ, હોદ્દા, પ્રતિષ્ઠા, સાધન–સુવિધાઓ વગેરે રૂપી રમકડાં સાથે રમી રમીને મનુષ્ય જ્યારે થાકે છે અને સર્વભાવથી પરમાત્માને ચરણે સમર્પિત થઇ જાય છે, ત્યારે



જીવાત્માને, પરમાત્મા ચોક્કસ પ્રેમામૃતથી પોતાનામાં સંપૂર્ણ રીતે તરબોળ, એકરસ, ઓતપ્રોત અને સમરસ કરી દે છે! જ્યાં અદ્વૈત, અભેદ અને એકતાની જ અનુભૂતિ થાય છે.

આ અપૂર્વ, અદ્‌ભુત અને અલૌકિક અદ્વૈત સ્થિતિનું મધુર વર્ણન ઉપનિષદના મહાન ઋષિએ કર્યું છેઃ–

"यथा नद्यः स्यन्दमानाः समुद्रे अस्तं गच्छन्ति नामरूपे विहाय ।
तथा विद्वान् नामरूपाद् विमुक्तः, परात्परं पुरुषं उपैति दिव्यम् ॥"

અર્થાત્ જેમ નદીઓ વહેતી વહેતી છેવટે નામરૂપ છોડીને, સમુદ્રમાં જ અસ્ત થઇ જાય છે, ભળી જાય છે, તેમ જ જ્ઞાની મનુષ્ય પણ નામરૂપની તમામ જંજાળ–મોહજાળમાંથી મુક્ત થઇ-ને, પરાત્પર દિવ્ય પુરુષમાં ભળી જાય છે. અસ્તુ.

## ✳ લેખકોને ખાસ સૂચના ✳

અધ્યાત્મ માટે જે લેખક ભાઇઓ પોતાના લેખો મોકલાવે છે તેઓએ પોતાનું લખાણ સુવાચ્ય મોટા અક્ષરે, એક સરખા માપના આંકેલા કાગળની એક બાજુ લખીને મોકલવા વિનંતી છે. જો લખેલું મેટર સુવાચ્ય નહિ હોય તો તે સ્વીકારવામાં નહિ આવે, તેની નોંધ લેવા વિનંતી છે.

— તંત્રી

એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત

# શ્રી ઈંદિરાદેવી

મૂળ લેખક : દિલીપકુમાર રોય
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

ઈશ્વરની કૃપા તો છે જ, પરંતુ ઈશ્વર પર અચળ શ્રદ્ધા રહે એવો ઈશ્વર પર આપણને પ્રેમ નથી. આપણને આપણાં માબાપ, સગાંવહાલાં અને મિત્રો પર વિશ્વાસ છે. અપરિચિતો પાસેથી, અરે, આપણા દુશ્મનો પાસેથી પણ આપણે સદ્વ્યવહારની આશા રાખીએ છીએ, પરંતુ ઈશ્વર પાસે એની રમતનો પુરાવો માગીએ છીએ! રમતના નિયમો આપણે જાણતા નથી, અને 'રેફરી'નો ન્યાય તોળવા બેસીએ છીએ!

આ દુનિયા કૃપાથી ટકી રહી છે. જો ઈશ્વર આપણી અંદર એની કૃપાની ફૂંક ન મારે તો આપણે વળતો શ્વાસ પણ લઈ શકીએ નહિ. હા, કૃપા હંમેશા આનંદદાયક નથી હોતી. કારણ કૃપાનું કામ આપણને રાજી કરવાનું કે આપણને સુખી કરવાનું નથી, પણ આપણને સાર્થક થવામાં મદદ કરવાનું છે. એટલે કૃપા તકરૂપે આવે, ઠપકારૂપે આવે, ચેતવણીરૂપે આવે કે આઘાતરૂપે આવે! એ કયા રૂપે આવે છે એ મહત્ત્વનું નથી, પણ એનો અંતિમ હેતુ, અંતિમ પરિણામ મહત્ત્વનું છે.

કૃપામાંથી જવાબદારી આવે છે. આપવું અઘરું છે, પરંતુ આધ્યાત્મિક જીવનમાં લેવું પણ એટલું જ અઘરું છે. આપણને જે મળે છે તે આપણે કશા પણ અહેસાન વગર સ્વીકારી લઈએ છીએ, અને જ્યારે આપણે જે માગીએ છીએ તે નથી મળતું ત્યારે બૂમો પાડીએ છીએ કે આપણને અન્યાય થઈ રહ્યો છે.. ઈંદિરાને



સમજાયું હતું કે વરસોનાં વરસો લગી શરીરના કેટલાયે કાયદાઓનો ભંગ કરવા છતાં એની તંદુરસ્તી કેવી સારી રહી હતી! આ ખ્યાલ આવતાં એનું હૃદય કૃતજ્ઞતાથી ભરાઈ જતું હતું. શું મળ્યું હતું તેનો એ હવે જેમ વધારે વિચાર કરતી તેમ એના દર્દ એને વધારે ને વધારે નજીવાં લાગતાં. શારીરિક પીડા તો હતી જ, તે કાંઈ મટી નહોતી ગઈ, પરંતુ દમના દરેક હુમલા વખતે દર્દ સહેતાં સહેતાં શ્વાસે શ્વાસે એને ઈશ્વરની કૃપા યાદ આવતી. કે કેટલો બધો વખત મેં સુંદર સ્વાસ્થ્ય ભોગવ્યું છે, અને આનંદથી શ્વાસોચ્છ્વાસ લીધા છે!

સંધિવાહથી જ્યારે એ ખૂબ પીડાતી, ત્યારે એને પહેલાં કેવી આનંદથી હરતી ફરતી અને નૃત્ય કરતી તે યાદ આવતું! કેટલા બધા મહિના અરે, કેટલાં બધાં વર્ષો એણે તંદુરસ્તી ભોગવી છે! કેટલી બધી રાતો એણે નિરાંતની ઊંઘ લીધી છે! તો હવે એ કેવી રીતે ફરિયાદ કરી શકે અને તે પણ ઈશ્વરની સામે? જો એ અગ્નિમાં હાથ નાંખે તો એ બળવો જ જોઈએ. જો એ જાણે કે અજાણે પ્રકૃતિના અમુક નિયમોનો ભંગ કરે તો એનાં અમુક અજાણે પરિણામ આવવાં જ જોઈએ. નવાઈની વાત એ છે કે આ પરિણામો ભોગવવામાંથી કેટલી બધી વાર, અને કેટલા મોટા પ્રમાણમાં આપણે બચી જઈએ છીએ!

શરીરના એના પોતાના નિયમો હોય છે, અને આધ્યાત્મિક રાહે જવાનું નક્કી કર્યું એનો અર્થ એ નથી કે એનાથી શરીર રાતોરાત દિવ્ય બની ગયું! જરૂર, વિકાસના અમુક તબક્કે પહોંચ્યા પછી, પ્રકાશ જડતત્ત્વમાં અવતરણ કરી શકશે, અને સ્થૂલનું રૂપાંતર કરવામાં સફળ થશે, પરંતુ આ ક્યારે થશે એની ઈંદિરાને ખબર નથી. ગમે તેમ એ જોવાનું કામ ઈંદિરાનું નથી, એ જોવાનું કામ ઈશ્વરનું છે, અને એ પોતાને ઠીક લાગશે ત્યારે

એ પ્રશ્નોનો ઉકેલ કરશે. માનવીને દુઃખી થતો જોઇ કરુણાથી પ્રેરાઇને મોટા મોટા સંતો અને ઋષિઓ આ વિશે ભલે વિચાર કરે કે વાત કરે, પણ ઇંદિરા તો કશું નથી. એ નથી સંત કે નથી ઉપદેશક. એ તો માત્ર પ્રભુનું બાળક છે.

એ તો માત્ર એટલું જ જાણે છે કે ઈશ્વર છે અને તે મને ચાહે છે. જો હું બીજું બધું છોડી એક તેને જ વળગી રહીશ, તો એ મને મળ્યા વિના નહિ રહે. ઇંદિરા એના હાથમાં વેચાઇ ગઇ છે, અને એની માત્ર એક જ પ્રાર્થના છે : "પ્રભુ, આખો વખત હું તારો જ વિચાર કરું! તારી પાસેથી જે કંઇ આવે છે કે જે કંઇ તારી મંજૂરીથી આવે છે તે મારે મન વરદાનરૂપ છે. પ્રેમ કે ઇન્કાર, સુખ કે પીડા જે કંઇ મને મળે તે હું નતમસ્તકે આનંદ-થી સ્વીકારી લઉં.

મને માત્ર તારી ઇચ્છાનું દર્શન કરાવ, અને એ ઇચ્છા પ્રમાણે કેવી રીતે ચાલવું તે બતાવ! તારી ઇચ્છા થાય તે દે અથવા લે, પરંતુ મારી આંખો મારા લક્ષ્ય પર જ સ્થિર રહો! મારા માટે શું શ્રેય છે, ઇષ્ટ છે તેની મને ખબર નથી. તું મને કેવી રીતે અને શા માટે તારી ભણી ખેંચે છે તે યે હું જાણતી નથી. હું માત્ર એટલું જ માગું છું કે તું મને નિકટ ખેંચતો રહે. જો મારી અહંતા મચક ન આપે, તો તારા પ્રેમનો ઘા કરી એનો ભૂકો કરી નાંખ! હું જે કંઇ છું અને મારી પાસે જે કંઇ છે તે બધું જ, લેશ પણ અપવાદ વિના તને સમર્પી દેતાં મને શીખવ! જે કંઇ હું દઇ દઉં છું, તે જ મારું બચે છે, અને જે કંઇ સંઘરું છું તે હું ખોઇ બેસું છું. તું મારો જેવો ઘાટ ઘડવા માગે છે તેવો ઘાટ ઘડાઓ. સારી કે ખોટી, હું જે કંઇ છું તે તારી છું. તારી થવું એ જ એકમાત્ર મારું કામ છે. બાકી જવાબદારી બધી તારી છે. મારી નહિ!"



## ધ્યાન

ઇંદિરાને ઘણીવાર પૂછવામાં આવે છે કે ધ્યાનનો સારામાં સારો રસ્તો કયો? આ સંબંધમાં ઇંદિરા તો માત્ર એટલું જ જાણે છે કે ધ્યાનકરાતું નથી, એ થાય છે. એ તો સંપૂર્ણ વિચાર બુદબુદ વિનાની શબવત્ સ્થિતિ છે. એમાં **હોવાનું** છે, કંઇ **થવાતું** નથી.

ધ્યાન એટલે શ્વાસોચ્છ્વાસની કસરત નહિ, અમુક નક્કી કરેલું જડ આસન નહિ કે મનને ચૂપ કરવાનો પ્રયત્ન કરી, પોતાને એકદમ તંગ બનાવી દેવી એવું પણ નહિ. ધ્યાન એ કોઇ ગાણિતિક કે પ્રયોગશાળામાં સિદ્ધ કરી શકાય એવી વૈજ્ઞાનિક પ્રક્રિયા નથી. ધ્યાન તો ઈશ્વરની સાથેનો, તમારા સાચા સ્વરૂપની સાથેનો સંપર્ક છે. એમાં પોતે જ પોતાની સાથે સંપૂર્ણ એકાંતમાં ચાલી જવાનું છે. એ એવી **કૃપાવસ્થા** છે, જેમાં માણસ આપો-આપ પોતાના હૃદયને પ્રકાશાભિમુખ કરે છે. સૂરજમુખી પોતાની પાંખડીઓને સૂર્યની દિશામાં ઊઘાડે છે તેમ અનાયાસે, અને છતાં નિઃશંકપણે!

માણસ એકાંતમાં રહેતાં બીએ છે, કારણ કે ત્યાં તેણે પોતાનો સામનો કરવો પડે છે અને પોતે ખરેખર કેવો છે તે નજરે જોવું પડે છે. એને શાંતિ અને જ્ઞાન જોઇએ છે, પણ ટૂંકામાં ટૂંકા રસ્તે જોઇએ છે, અને હવે તો ભગવાન પણ ટૂંકામાં ટૂંકા રસ્તે જોઇએ છે, એટલે હવે લેબલ અને ફોર્મ્યુલાવાળા પેકેટોમાં યોગ વેચાવા માંડયો છે, લોકો ચોપડીઓ વાંચીને ધંધાદારી સાધુઓનાં ભાષણો સાંભળીને પોતે શું કરવું તે નક્કી કરે છે.

કશુંક બનવાની આ બધી ધંધાદારી પદ્ધતિઓથી ઇંદિરા સાવ અજાણ હતી, એટલે ઈશ્વરની કૃપા કદાચ એના પર વહેલી ઊતરી હોય બનવાજોગ છે. નિરાકાર બ્રહ્મમાં મનને ડુબાડી શાંત થઇને મહાન યોગિની થવું એવી તેની ઇચ્છા નહોતી, પોતાના સમસ્ત

અસ્તિત્વનું સંપૂર્ણ સમર્પણ એ ઈશ્વરના દરબારમાં પ્રવેશવાની તેની ચાવી હતી. કોરા ચોપડાએ એનું ખાતું શરૂ કર્યું હતું, અને મિત્રોને પણ એ એવી જ સલાહ આપે છે કે તમે પણ આમ જ કરો, બધી ફોર્મ્યુલાઓ ભૂલી જાઓ, મનને ભૂલી જાઓ, દુનિયાને ભૂલી જાઓ, તમનેય ભૂલી જાઓ! બસ એનાં ચરણમાં સંપૂર્ણ સમર્પણપૂર્વક શબવત્ પડી રહો, પડી રહો, પડી રહો!

જો તમે રોજનો માત્ર અડધો કલાક પણ एને આપશો, તો તમે અંતરમાં સંવાદ અને બળનો અનુભવ કરશો. પરંતુ આ અડધો કલાક એનો થઇ જવો જોઇએ, એના પર પછી તમારો કોઇ હક નહિ. एને કહો. 'પ્રભુ, હું આવી છું (અથવા આવ્યો છું) મારી જાતે ઊભી કરેલી ચિંતાઓથી થાકી હારીને હું આશરા માટે તારી પાસે આવી છું (આવ્યો છું) મારા બધા દોષો, ખામીઓ સાથે તું મારો સ્વીકાર કર, અને તારી ઇચ્છા પ્રમાણે મારો ઘાટ ઘડ! જો મારું મન ચંચળ હોય તો એ ચંચળતાનો તું સ્વીકાર કર! જો તે અશુદ્ધ હોય તો તે અશુદ્ધિનો સ્વીકાર કર! હું તારા મહિમાના ગાણાં નહિ ગાઉં અને તું મારી મુસીબતોની પરવા ન કર! આ અડધો કલાક હું તારી જ (તારો જ) છું. આકાશ પૃથ્વી ને પાતાળ ત્રણે લોક કદાચ પાયામાંથી હાલી જાય, તોપણ હું તને છોડવાની (છોડવાનો) નથી. આ અડધો કલાક મને તારામાં જ સમાવી રાખ જેથી હું તારી પડખે ચાલું, તારી ખાતર કામ કરું અને તારી ખાતર જીવું!

ઇસુ નહોતા કહેતા કે હે ભારગ્રસ્તો, મારી પાસે આવો, હું તમારો ભાર ઊતારી તમને આરામ આપીશ! તો શા સારું एને વળગી રહી એ પ્રતિજ્ઞાનું પાલન ન કરવું? શા માટે એની અજમાયશ ન કરવી? (ક્રમશઃ)



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

વિભીષણના શબ્દો સાંભળીને મંદોદરી ગળગળી બની ગઇ ને બોલી : 'રાવણને આ શું સૂઝ્યું? એમની અવસ્થા અત્યારે મદાંધ જેવી છે, પરંતુ મને તો આમાં એમનું અમંગલ દેખાય છે. તમે લંકાને છોડી જશો, એટલે લંકાની શોભા તથા સાત્ત્વિકતા જતી રહેશે. લંકા શ્રીહીન બની જશે. એનું સદ્‌ભાગ્ય પણ જાણે કે એનો ત્યાગ કરશે. છતાં પણ ધર્મની રક્ષાને માટે એવો ત્યાગ અનિવાર્ય અને અભિનંદનીય છે. રામના દૈવી દર્શનનો લાભ તમને ઈશ્વરની કૃપાથી ધાર્યા કરતાં વહેલો મળશે. એમની સાથે સંભાષણ કરીને અને એમનો સહવાસ પામીને તમે કૃતાર્થ થશો. મારા જીવનમાં એવી કૃતાર્થતા ક્યારે આવશે એ તો ઈશ્વર જાણે. પરંતુ સમય મળતાં રામને મારા પ્રણામ કહેજો ને મારી પરિસ્થિતિનું એમની આગળ સ્પષ્ટીકરણ કરજો. એમને કહેજો કે, મંદોદરી તમારા ગુણાનુવાદ સાંભળીને તમારા દર્શન માટે આતુર છે. સીતાના જીવનની રક્ષા માટે એ વહેલી તકે આવે એવો સંદેશ આપજો અને તમારા અનુભવના આધાર પર એમનો માર્ગ સરળ કરજો.'

વિભીષણે ચાલતી વખતે કહ્યું : 'સીતાને મારા પ્રમાણ કહીને મારા વતી હિંમત આપજે. એનું દર્શન અત્યારે નહિ કરી શકું એનો અફસોસ છે, પરંતુ શ્રદ્ધા છે કે, આગળ પર એક ધન્ય દિવસે એના દર્શનનો લાભ મળી રહેશે.'

વિભીષણ પોતાના ચાર સેવકો સાથે આકાશ માર્ગે વિદાય થયો.

સમુદ્રને પાર કરીને એ રામ તથા સુગ્રીવની પાસે આવી પહોંચવાની તૈયારીમાં હતો ત્યારે એને લક્ષ્ય કરીને લક્ષ્મણે કહ્યું : 'આ કોઇ રાવણનો માણસ લાગે છે. રાવણે એને આપણો ભેદ લેવા કે આપણી સાથે યુદ્ધ કરવા મોકલ્યો લાગે છે. તમે કહેતા હો તો એને બાણ મારીને હમણાં જ વીંધી નાંખું.'

રામે એને શાંત રાખતાં કહ્યું : 'બાણ મારવામાં એટલી બધી ઉતાવળ કરવાની જરૂર નથી. છૂટેલું બાણ જલદી પાછું નથી આવતું, માટે એને જોઇ વિચારીને છોડવાની જરૂર છે, જેથી પાછળથી એને માટે અફસોસ ન થાય. એ રાવણનો ગુપ્તચર હશે કે એના તરફથી યુદ્ધ કરવા માટે આવ્યો હશે તોપણ શું? આપણે એને સહેલાઇથી પહોંચી વળીશું. આપણી પાસે પૂરતી શક્તિ તથા સેના છે. પરંતુ પહેલાં આપણે જાણી લઇએ કે, એ કોણ છે અને એના સાથીઓ સાથે શા માટે આવે છે.'

રામ તથા સુગ્રીવના આદેશને માન આપીને હનુમાન આગળ વધ્યા અને વિભીષણને મળ્યા.

વિભીષણ એમને નિહાળીને ભાવવિભોર બની ગયો ને બોલ્યો : 'તમારા દર્શનથી મને ખૂબ જ હર્ષ થઇ રહ્યો છે. આપણે ફરીવાર આટલા જલદી મળીશું તેની કલ્પના પણ ન હતી. રાવણે સીતાને મુક્ત કરવાની મારી સલાહ ન માની, એટલે મેં એનો અને લંકાનો ત્યાગ કર્યો છે. હવે હું એની સેવા નથી કરવા માગતો. હવે તો જીવનભર રામની સેવા કરવા માટે હું એમના શરણમાં આવી પહોંચ્યો છું. રામ શરણાગતવત્સલ હોવાથી મને તથા મારા સાથીઓને આશ્રય આપશે એવી આશા છે. તમે મારા



ભાવ તથા સ્વભાવને જાણો છો એટલે તમે મારી મનોદશાને સારી પેઠે સમજી શકશો.'

હનુમાને સહાનુભૂતિ ભરેલા સ્વરે કહ્યું : 'તમારી મનોદશાને સમજી શકું છું એટલું જ નહિ પરંતુ ખાતરી આપું છું કે, તમારી આશા જરૂર પૂરી થશે ને રામ તમને આશ્રય આપશે. શરણાગતને આશ્રય આપવાનું ને નિર્ભય કરવાનું એમનું વ્રત છે. વ્રતનું પાલન એ જરૂર કરશે. એ વ્રત પાલનનું મોટામાં મોટું ઉદાહરણ મહારાજા સુગ્રીવ છે. પરંતુ તમારે આમ એકાએક રાવણનો ત્યાગ કેમ કરવો પડયો?'

વિભીષણે પોતાની પરિસ્થિતિ કહી બતાવી. એથી હનુમાનને સંતોષ થયો.

એ વિભીષણને સન્માનપૂર્વક સત્કારીને રામ, લક્ષ્મણ તથા સુગ્રીવ પાસે લઇ ગયા ને બોલ્યા : 'આ કોઇ ગુપ્તચર કે દુશ્મન નથી પરંતુ લંકામાંથી પાછા ફરીને જેમના વિશે મેં તમને વાત કરેલી તે રાવણના ભાઇ, આપણા સાચા સુહૃદ અને હિતેચ્છુ વિભીષણ છે.'

'વિભીષણ?' રામે આશ્ચર્યોદ્‌ગાર કાઢયો.

'હા. વિભીષણ લંકાનો ત્યાગ કરીને એ તમારા શરણમાં, તમને મદદરૂપ થવા માટે આવી પહોંચ્યા છે.'

વિભીષણે રામ, લક્ષ્મણ તથા સુગ્રીવને પ્રણામ કર્યાં.

રામના દર્શનથી એને અનેરો, અવર્ણનીય આનંદ થવા માંડયો.

એ આનંદ એની આંખનાં અશ્રુબિંદુમાં ઉભરાઇ આવ્યો.

હનુમાને વિભીષણની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો એટલે

રામની પ્રસન્નતાનો પાર ન રહ્યો. એમણે કહ્યું : 'વિભીષણ, તમારા ધર્મપ્રેમ તથા મારે માટેના પ્રેમ બદલ તમને ધન્યવાદ આપું છું.'

વિભીષણે કહ્યું : 'તમારા દર્શનની દીર્ઘ–કાલીન ઇચ્છા પૂરી થઇ એથી મારું મન પ્રસન્ન બની ગયું છે. આજે મારું જીવન કૃતાર્થ થયું. રાવણે એક રીતે મારું મોટું હિત કર્યું છે, કેમ કે એણે જો રોષે ભરાઇને મને કઠોર વચનો ન કહ્યાં હોત તો મને આટલું જલદી તમારું દર્શન ન થઇ શકત. જે થાય છે તે મંગલને માટે જ થયા કરે છે એ અનુભવ વચન મારા સંબંધમાં એક યા બીજી રીતે સાચું પડયું છે. લંકાના રાજપ્રસાદમાં મને જે સુખ નહોતું લાગતું તે તમારા સમાગમમાં લાગ્યા કરે છે.'

સુગ્રીવે કહ્યું : 'તમારા પ્રસંગ પરથી તો લાગે છે કે, રાવણમાં કોઇ પણ પ્રકારનું શુભ પરિવર્તન નથી થયું.'

'ના. એવા પરિવર્તનની સંભાવના પણ નથી લાગતી. મેં એને સમજાવી જોયો, એની મહારાણી મંદોદરીએ પણ સમજાવી જોયો, છતાં યે એ નથી માનતો. મંદોદરીએ તો એના હૃદય–પરિવર્તન માટે થોડાક દિવસોનું અનશન પણ કરેલું. એને સીતા તથા રામ પ્રત્યે પ્રેમ છે. એ પ્રેમથી પ્રેરાઇને એ અવારનવાર સીતાને મળે છે? શાંતિ તથા હિંમત આપે છે.'

એમ કહીને એણે મંદોદરીનો સંદેશો કહી સંભળાવ્યો.

રામ એ સાંભળીને આશ્ચર્યચકિત બની ગયા ને બોલ્યા : 'મંદોદરી એટલી બધી માયાળુ તેમ જ ધર્મપરાયણ છે એ તો આજે જ જાણ્યું. રાવણને ત્યાં એવું સ્રીરત્ન રહે છે એ એક મોટું આશ્ચર્ય જ છે.' (ક્રમશઃ)

## * યજ્ઞભાવે થતું કર્મ–શ્રેષ્ઠ *

ઉત્તમ કર્મ કરનાર માણસ સમાજ કે સંસારની શોભારૂપ છે. તે વધારે જીવે તેમાં સૌને લાભ છે. તેવા માણસે પોતે પણ દીર્ઘ જીવનની ઇચ્છા રાખવી એવી ઉપનિષદ્ની સૂચના છે. તે દીર્ઘ જીવન પૃથ્વીને પીડારૂપ નહિ પણ મદદરૂપ હશે; ભૂમિને ભારરૂપ થવાને બદલે ભૂમિનો ભાર હલકો કરશે. ને અનેક જીવોને સુખ, શાંતિ ને પ્રેરણા આપનારી ફોરમ ફેલાવશે. પ્રવાહના પાણીની પેઠે તે અનેકની તરસ મટાડશે ને જીવતીજાગતી જ્યોતિ થઇને કેટલાંયના અંધકાર ભરેલા જીવનમાં પ્રકાશ પાથરશે. તેવું જીવન ઈશ્વરની કૃપાના અનુપમ ને ઉત્તમ નમૂનારૂપ હશે. સંસારમાં શ્વાસ લેશે, જુદી જુદી જાતનાં કર્મ કરશે તોપણ તે જીવનને ડાઘ નહિ લાગે, તેમાં ગંદકી નહિ જાગે, ને ઈશ્વરની સાથે એનું અનુસંધાન સદા ચાલુ રહેવાથી સંસારમાં તે આસક્ત નહિ થાય ને ઈશ્વરથી વિમુખ પણ નહિ બને. કર્મની સાધના ને કળા આવી છે. નાના છોડની આજુબાજુ જેમ વાડ કરવામાં આવે છે, તેમ કર્મની આજુબાજુ ઈશ્વરસ્મરણ ને ઈશ્વરી નિષ્ઠાની વાડ થઇ જાય તો કર્મ જીવનને માટે મંગલમય બની શકે. કહો કે યજ્ઞનું કામ કરી શકે. ઉપનિષદ્ના ઋષિ એવા કર્મને માટે ભલામણ કરે છે ને તેની ફિલસૂફીને ટેકો આપે છે યજ્ઞરૂપે ઉત્તમ કર્મો કરવાની આ ભાવના અહીં બીજરૂપે છે. તે જ ભાવના ગીતામાં વિશાળ વૃક્ષના રૂપમાં પ્રકટ થઇ છે. ભારતીય સાધનાને સમજવા માટે કર્મની આ ભાવનાનું રહસ્ય સંપૂર્ણ રીતે સમજી લેવું જોઇએ.

યોગેશ્વરજી

9624/276573

ADHYATMA Regd. No. GBV 113

# આધ્યાત્મિક ઉન્નતિની ઝંખના કાયમ જ રહેશે

માનવ એકલી રોટી કે રોજીની જ નહિ, પણ શાંતિની પણ ઝંખના કરે છે. મુક્તિ ને પૂર્ણતા પણ ચાહે છે. સંસારના ઉકેલની પણ ઇચ્છા રાખે છે. તે માટે તે પ્રયાસ પણ કરે છે. જ્યારથી તે વિચારશીલ બન્યો ત્યારથી તેના મનમાં આ પ્રશ્નો ઊભા થયા છે, ને ત્યારથી તેમને ઉકેલવાના પ્રયાસ તેણે ચાલુ રાખ્યા છે. સાંસારિક સુખાકારી મળ્યા છતાં પણ આ પ્રશ્નો શમ્યા નથી. એટલે આ પ્રશ્નો—માનવના આંતરિક વિકાસના પ્રશ્નો પણ સનાતન છે. તે પ્રશ્નોને પણ કેવી રીતે ઊડાવી દેવાય? તેમની અવગણના કેવી રીતે કરાય? તેમને મિથ્યા માનીને ઉપેક્ષાની નજરે જોવાનો પ્રયાસ કેમ કરાય? એવો પ્રયાસ શું કદાપિ સફળ પણ થઇ શકે કે? પંખી બે પાંખે ઊડે છે. તે એક જ પાંખે ઊડે તો સારું એવો દુરાગ્રહ રાખીને તેની એક પાંખને તોડી પાડવામાં આવે તો? શું તે સારી રીતે ઊડી શકે? ઊડવાનું તો ઠીક, કદાચ તે રામશરણ પણ થઇ જાય. તે પ્રયોગ પંખીને પોતાને માટે પ્રાણઘાતક થઇ પડે. તેવું જ માનવું છે. ભૌતિક કે આધ્યાત્મિક બેમાંથી એક પણ પાંખને તોડવાનો પ્રયાસ માનવના પોતાના જીવન માટે જુલમરૂપ ને ઘાતક થઇ પડે. કેટલાક અવિચારી માણસોએ એવો પ્રયાસ કરી જોયો છે. કેટલાકે તેમાં સૂર પુરાવ્યો છે, ને કેટલાકે તેની દીક્ષા આપી છે. પણ તે સફળ થયો નથી. ને ભવિષ્યમાં કોઇ-વાર સફળ થાય તેવી સંભાવના પણ નથી. માનવ જ્યાંસુધી આ પૃથ્વી પર શ્વાસ લેશે, ત્યાંસુધી તેની આધ્યાત્મિક ઉન્નતિની ઝંખના કાયમ જ રહેશે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.

842 32 15 સંધ્યા